

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PRGI No. GUJGUJ/2016/70752

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 224
Dt.: 19-06-2026,
Friday
Page:04
Rs.00.50 paisa







### MoU પર રાષ્ટ્ર પ્રમુખ ટ્રમ્પ અને પેઝેશ્કિયાને કરી સહી

# યુદ્ધનો અંત! અમેરિકા-ઈરાન વચ્ચે શાંતિ કરાર કરવામાં આવ્યો

### રાષ્ટ્ર પ્રમુખ ટ્રમ્પે ફ્રાન્સના પેલેસ ઓફ વર્સેલ્સમાં મેક્રોન સાથે ડિનર દરમિયાન અમેરિકા-ઈરાન એગ્રીમેન્ટની હાર્ડ કોપી પર પણ સત્તાવાર રીતે હસ્તાક્ષર કરી દીધા

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

આખરે અમેરિકા અને ઈરાન યુદ્ધનો અંત આવી આવી ગયો છે. અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાનના રાષ્ટ્ર પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન બંને દેશો વચ્ચે છેલ્લા કેટલાય મહિનાઓથી ચાલી રહેલા યુદ્ધને ખતમ કરવા માટે MoU પર ઔપચારિક રીતે હસ્તાક્ષર કરી દીધા છે. અમેરિકન અને ઈરાની અધિકારીઓના જણાવ્યા અનુસાર, બંને દેશોના રાષ્ટ્ર પ્રમુખોએ બુધવારે આ એમઓયુ પર સાઈન કર્યા. આ કરાર તાત્કાલિક અસરથી લાગુ થઈ ગયો છે.અમેરિકન અધિકારીના જણાવ્યા મુજબ, રાષ્ટ્ર પ્રમુખ ટ્રમ્પે ફ્રાન્સના પેલેસ ઓફ વર્સેલ્સમાં મેક્રોન સાથે ડિનર દરમિયાન અમેરિકા-ઈરાન એગ્રીમેન્ટની હાર્ડ કોપી પર પણ સત્તાવાર રીતે હસ્તાક્ષર કરી દીધા. સાઈન કરવામાં આવેલી એગ્રીમેન્ટની કોપી ઈરાન અને મધ્યસ્થતા કરાવી રહેલા દેશોને મોકલી દેવામાં આવી છે. આ પહેલા રવિવારે અમેરિકન ઉપરાષ્ટ્ર પ્રમુખ જેડી વેન્સ અને ઈરાનના મુખ્ય વાર્તાકાર મોહમ્મદ બાકેર ગાલિબાફે એમઓયુ પર ઈલેક્ટ્રોનિક રીતે સાઈન કર્યા હતા. અમેરિકન અધિકારીઓનું કહેવું છે કે એમઓયુ પર સાઈન થવાથી બંને દેશો વચ્ચે આશરે ચાર મહિનાથી ચાલી રહેલો સંઘર્ષ ખતમ થઈ ગયો છે.જો કે, શુક્રવારે બંને દેશોના વાર્તા દફોનું જિનીવામાં એકઠા થવાનો કાર્યક્રમ હજુ પણ નક્કી છે. ઈરાની અધિકારીઓએ જણાવ્યું કે શુક્રવારે સ્વિટ્ઝર્લેન્ડમાં યોજાનારી બેઠકનો ઉદ્દેશ્ય કરાર પર હસ્તાક્ષર કરવાનો નથી. સાથે જ, આ બેઠક વાસ્તવમાં થશે કે નહીં, તેના પર અંતિમ નિર્ણય આગામી થોડા કલાકોમાં લેવામાં આવે તેવી અપેક્ષા છે. પરંતુ આનાથી એવો પણ સંકેત મળે છે કે દસ્તાવેજ પર ડિજિટલ રીતે હસ્તાક્ષર થઈ ચૂક્યા છે તેથી સ્વિટ્ઝર્લેન્ડમાં આમને-સામને યોજાનારા હસ્તાક્ષર સમારોહનું આયોજન કરવામાં આવશે નહીં.પરંતુ આનાથી એવો પણ સંકેત મળે છે કે દસ્તાવેજ પર ડિજિટલ રીતે હસ્તાક્ષર થઈ ચૂક્યા છે તેથી સ્વિટ્ઝર્લેન્ડમાં આમને-સામને યોજાનારા હસ્તાક્ષર સમારોહનું આયોજન કરવામાં આવશે નહીં. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ જણાવ્યું કે તેહરાનને પોતાના ક્રૂડનું વેચાણ કોઈપણ પરિવહન કે વીમા સંબંધિત પ્રતિબંધો વિના કરવાની મંજૂરી મળવી જોઈએ. તે વેચાણમાંથી થનારી આવક સુધી તેની સંપૂર્ણ પહોંચ હોવી જોઈએ.

## હિમાચલ પ્રદેશના ચંબામાં ભયાનક અકસ્માત: કાર ખીણમાં ખાબકતા એક જ ગામના ૭ના મોત

### મુંડન સંસ્કારમાં હાજરી આપીને પરત ફરતી વખતે નડ્યો અકસ્માત: સમગ્ર પંથકમાં શોકની લહેર વ્યાપી ગઈ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંબા,

હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લાના પુખરી વિસ્તાર અંતર્ગત આવતા ચંબા-મસરૂંડ માર્ગ પર ગત બુધવારે મોડી રાત્રે એક હૃદયદ્રાવક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. છતરૂંડ નજીક એક બોલેરો ગાડી (HP-01C-2581) અચાનક ચાલકના કાબૂ બહાર જતાં માર્ગ કિનારે આવેલી એક ઊંડી ખીણમાં ખાબકી હતી. આ ભયાનક દુર્ઘટનામાં એક જ ગામના સાત લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યાં છે, જેના કારણે સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે શોકની લહેર વ્યાપી ગઈ છે.

મળતી માહિતી મુજબ, અકસ્માતનો ભોગ બનેલી બોલેરો ગાડી ગ્રામ પંચાયત કુઠેડના મહલ ગામની હતી. મહલ ગામના રહીશો નજીકની જ પંચાયતના કાકડોથા ગામમાં આયોજિત એક બાળકના મુંડન સંસ્કારના પ્રસંગમાં (ધામ) સામેલ થવા માટે ગયા હતા. ત્યાં પ્રસંગ પત્યા બાદ અને ભોજન લીધા પછી તમામ લોકો રાત્રિના સમયે બોલેરો ગાડીમાં સવાર થઈને પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન છતરૂંડ પાસે ગાડી અનિયંત્રિત થઈ ખીણમાં પડી ગઈ હતી. અકસ્માત એટલો પ્રચંડ હતો કે વાહનના કુચ્ચેકુચ્ચા ઊડી ગયા હતા અને તેમાં સવાર છ લોકોના તો ઘટનાસ્થળે જ શ્વાસ રૂંધાઈ ગયા હતા. મૃતકોમાં ત્રણ મહિલાઓ અને ત્રણ પુરુષો સામેલ છે. દુર્ઘટનાની જાણ થતાં જ આસપાસના ગામના લોકો સૌથી પહેલા ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તાત્કાલિક રાહત તેમજ બચાવ કામગીરી (રેસ્ક્યુ) શરૂ કરી દીધી હતી. ગ્રામજનોએ ભારે જહેમત ઉઠાવીને ખીણમાં ઉતરીને મૃતદેહોને બહાર કાઢવાનું કામ કર્યું હતું. ત્યારબાદ પોલીસ અને વહીવટી તંત્રની ટીમો પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સ્થાનિક લોકોએ વહીવટી તંત્ર સામે આક્રોશ ઠાલવતા આક્ષેપ કર્યો છે કે, જે જગ્યાએ આ અકસ્માત થયો ત્યાં લાંબા સમયથી રોડની સાઈડમાં 'ક્રેશ બેરિયર' (સુરક્ષા દિવાલ/રેલિંગ) લગાવવામાં આવ્યા નથી. જો રસ્તા પર પૂરતી સુરક્ષા વ્યવસ્થા હોત તો કદાચ આટલી મોટી દુર્ઘટનાને ટાળી શકાઈ હોત.

ચંબાના પોલીસ અધિક્ષક (SP) વિજય કુમાર સકલાનીએ ઘટના અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, "છતરૂંડ પાસે બોલેરો વાહન દુર્ઘટનાગ્રસ્ત થવાની માહિતી મળતાં જ પોલીસ ટીમને તાત્કાલિક ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી.

પોલીસ અને સ્થાનિક વહીવટી તંત્ર રાહત કામગીરીમાં જોડાયા છે. આ અકસ્માતમાં મૃત્યુ પામેલા અને ઈજાગ્રસ્તો અંગેની સત્તાવાર ઓળખ અને અન્ય કાયદાકીય ઔપચારિકતાઓ પૂરી કરવામાં આવી રહી છે. પોલીસે આ મામલે ગુનો નોંધીને અકસ્માત પાછળના ચોક્કસ કારણોની દરેક પાસાથી તપાસ શરૂ કરી દીધી છે."

## ભારતના નક્શા સાથે અમેરિકાની છેડછાડ,પીઓકેને પાક.નું ગણાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

હોર્મુઝ ખાડીએ ત્રણ ભારતીયોની હત્યા કરનારા અમેરિકાએ વધુ એક ભારત વિરોધી પગલુ ભર્યું છે. અમેરિકાએ ભારતના નક્શા સાથે છેડછાડ કરી છે. યુએસ-ઈન્ડો પેસિફિકે એક ખોટા નક્શાનો ઉપયોગ કર્યો છે, આ નક્શામાં પુરા જમ્મુ કાશ્મીરને ભારતનો હિસ્સો નથી ગણાવ્યો, ચાલાકી કરીને અમેરિકાએ પીઓકેને પાકિસ્તાની વિસ્તાર ગણાવ્યો છે. જેનો ભારે વિરોધ થઈ રહ્યો છે. અમેરિકાએ પોતાના યુ.એસ. ઈન્ડો પેસિફિક કમાન્ડ' નું નામ ફરીથી બદલી તેમાંથી ઈન્ડો શબ્દ દૂર કરી માત્ર યુ.એસ. પેસિફિક કમાન્ડ' રાખ્યું છે. આ રીતે ૮ વર્ષ પૂર્વે તેણે લીધેલો નિર્ણય તેણે ફેરવી નાખ્યો છે. અમેરિકાની આ જાહેરાત ઉપર પોતાનો પ્રતિભાવ આપતા કોંગ્રેસના સાંસદ શશી થરૂરે એક્સ પર લખ્યું કે, આ ક્વોડનાં કોફીન ઉપરનો એક વધુ ખિલા સમાન છે. આમ છતાં અમેરિકી અધિકારીઓ કહે છે કે, નામ બદલવાની પ્રતિબદ્ધતામાં કશો ફેર નથી પડતો. વાસ્તવમાં તેથી કમાન્ડની સંરચના જવાબદારીઓ અને ક્ષેત્રીય પ્રતિબદ્ધતા તો યથાવત રહેશે.આ કમાન્ડની સ્થાપના તે સમયના અમેરિકાના પ્રમુખ હેરી ટ્રુમેને ૧૯૪૭માં કરી હતી. ત્યારે તેનું નામ યુ.એસ. પેસિફિક કમાન્ડ જ રખાયું હતું, તેનું ક્ષેત્ર અમેરિકાના પશ્ચિમ તટથી શરૂ કરી ભારતના પશ્ચિમી સમુદ્રતટ સુધીનું રાખવામાં આવ્યું હતું. ૨૦૧૮માં ટ્રમ્પે તેનો આ નિર્ણય લેતા તે કમાન્ડનું નામ યુ.એસ. ઈન્ડો પેસિફિક કમાન્ડ' રાખ્યું હતું.

કમાન્ડનું કાર્યક્ષેત્ર અમેરિકાના પશ્ચિમ તટથી શરૂ કરી ભારતના પશ્ચિમ તટ સુધીનું હતું. અમેરિકી અધિકારીઓ કહે છે કે, તેથી ક્ષેત્રીય જવાબદારીઓમાં કોઈ ફેર પડતો નથી. શશી થરૂરને ચિંતા છે કે હવે ક્વોડ અંગે પણ કોઈ ફેરફાર નહીં થાય તેની શી ખાતરી. ક્વોડમાં અમેરિકા, જાપાન, ઓસ્ટ્રેલિયા અને ભારત જોડાયેલા છે.






### ૧૫ જુલાઈથી લાગુ થશે FTA

## ભારત અને યુકે વચ્ચે વર્ષ પહેલા થયેલી મુક્ત વેપાર સંધિનો અમલ થશે

### આ સમજૂતિથી ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપાર બમણો થઈને ૧૨૦ બિલિયન ડોલર સુધી પહોંચે તેવી સંભાવના

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતના લોકો માટે એક સારા સમાચાર છે. ભારત અને બ્રિટને ઐતિહાસિક મુક્ત વેપાર સંધિ (UK-India FTA) લાગૂ થવાની તારીખની જાહેરાત કરી નાખી છે. આગામી મહિને એટલે કે જુલાઈની ૧૫ તારીખથી તે પ્રભાવી થશે. એફટીએ લાગૂ થવાની સાથે જ આયાત નિકાસ થતા સામાન પર ભારે ટેરિફ કાપની અસર પણ જોવા મળશે. આ સમજૂતિ હેઠળ ભારતમાં સ્કોચ વ્હિસ્કી અને જિન પર લાગતો ટેરિફ ૧૫૦ ટકાથી ઘટીને ૭૫ ટકા થશે આ સાથે જ એવી આશા વ્યક્ત કરાઈ રહી છે કે લોંગટર્મમાં આ કરારથી દ્વિપક્ષીય વેપારમાં દર વર્ષે ૨૫.૫ અબજ પાઉન્ડનો વધારો થશે. બંને દેશોએ આ એફટીએની જાહેરાત કરતા કહ્યું કે દ્વિપક્ષીય આર્થિક સંબંધો માટે આ એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પીએમ મોદીએ કહ્યું કે ઈન્ડિયા અને યુકે સંબંધો માટે આ એક ઐતિહાસિક ઉપલબ્ધિ છે. મને ખુબ ખુશી છે કે વેપાર સમજૂતિ ૧૫ જુલાઈ ૨૦૨૬થી લાગૂ થશે. આ સમજૂતિ અમારા દ્વિપક્ષીય વેપાર અને રોકાણને મહત્વપૂર્ણ રીતે આગળ વધારશે. તેનાથી ખેડૂતો, શ્રમિકો, એમએસએમઈ, સ્ટાર્ટઅપ્સ માટે અનેક તકો ખુલશે અને વિક્સિત ભારત ૨૦૪૭ના લક્ષ્યને સાકાર કરવામાં મોટું યોગદાન મળશે. બ્રિટિશ સરકાર દ્વારા કહેવાયું છે કે ભારત અને બ્રિટનના વ્યવસાયોને આ સમજૂતિ લાગૂ કરવાની તૈયારી માટે ૨૮ દિવસનો સમય અપાયો છે. ત્યારબાદ તેઓ નવી શરતો હેઠળ વેપાર કરી શકશે. બ્રિટિશ અનુમાનો મુજબ આ સમજૂતિથી બ્રિટનની અર્થવ્યવસ્થામાં ૪.૮ અબજ પાઉન્ડનો વધારો થશે અને વાસ્તવિક પગારમાં ૨.૨ અબજ પાઉન્ડનો વધારો જોવા મળશે. લંડન આ સમજૂતિને ભારત દ્વારા અત્યાર સુધીમાં લાગૂ કરાયેલી સૌથી મોટી વ્યાપક વેપાર સમજૂતિ ગણાવી રહ્યું છે. આ સંધિ લાગૂ થયા બાદ ભારતના ૯૯ ટકા સામાનને બ્રિટનમાં ટેક્સ ફ્રી એન્ટ્રી મળશે જ્યારે યુકેના ૯૯ ટકા સામાનની ભારતમાં આયાત ૩ ટકા એવરેજ ટેરિફ દરથી થશે. અત્રે જણાવવાનું કે વાણિજ્ય મંત્રી પીયુષ ગોયલ અને બ્રિટિશ વેપાર મંત્રી જોનાથન રેનોલ્ડ્સે પીએમ મોદી અને તેમના યુકે સમકક્ષ કીર સ્ટાર્મરની હાજરીમાં આ સંધિ પર ૨૪ જુલાઈ ૨૦૨૫ના રોજ સહી કરી હતી. આ ડીલ બાદ ભારતમાં બ્રિટિશ કારો, પ્રીમિયમ સ્કોચ વ્હિસ્કી, બ્રાન્ડેડ કપડાં અને ફૂટવેર સસ્તા થઈ જશે.

ભારતમાં કઈ કઈ વસ્તુઓ સસ્તી થશે?

વ્હિસ્કી અને જિન :- આ સમજૂતિ હેઠળ ભારતમાં સ્કોચ વ્હિસ્કી અને જિન પર લાગતો ટેરિફ ૧૫૦ ટકાથી ઘટીને ૭૫ ટકા થશે ત્યારબાદ સમજૂતિના દસમા વર્ષ સુધી તે ઘટીને ૪૦ ટકા થઈ જશે. દાખલા તરીકે ૫૦૦૦ રૂપિયાની સ્કોચ બોટલ ૩૫૦૦ રૂપિયામાં મળશે.

# તંત્રી લેખ......

## પ્રાદેશિક પક્ષો કટોકટીમાં

તૃણમૂલ કોંગ્રેસ પછી, શિવસેના-ઉદ્ધવ જૂથના નવ લોકસભા સભ્યોમાંથી છ સભ્યોની શિવસેના-શિંદેમાં જોડાવાની તૈયારી માત્ર શાસક પક્ષનો સાથ આપવાની તેમની ઉત્સુકતા જ દર્શાવે છે, પરંતુ ભારતીય રાજકારણમાં વધતી તકવાદને પણ રેખાંકિત કરે છે. શિવસેનામાં આ બીજો ભાગલા છે.

આ પહેલા પણ, તેના ધારાસભ્યો અને સાંસદો પક્ષપલટો કરી ચૂક્યા છે, અને પાર્ટીએ તેનું ચૂંટણી ચિહ્ન પણ ગુમાવી દીધું છે. આ વધુ પતનમાંથી બહાર નીકળવું તેના માટે મુશ્કેલ બનશે. હવે, તે અસ્તિત્વના સંકટનો સામનો કરી રહી છે. આ સંકટ અને વિઘટન માટે તે પોતે જ મોટાભાગે જવાબદાર છે. જો ઉદ્ધવ ઠાકરે, મુખ્યમંત્રી બનવાના લોભમાં, કટ્ટર હરીફ કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી સાથે જોડાણ ન કર્યું હોત, તો કદાચ આજે તેમની પાર્ટીની સ્થિતિ અલગ હોત.

ઉદ્ધવ ઠાકરેએ સત્તા માટે તેમના લાંબા સમયથી ચાલતા ભાગીદાર અને વૈચારિક સાથી, ભાજપ સાથેના સંબંધો તોડી નાખ્યા, પણ પોતાની વિચારધારાનો પણ ત્યાગ કર્યો. શિવસેના થોડા પ્રાદેશિક પક્ષોમાંની એક હતી જેની પોતાની વિચારધારા હતી. તે મુખ્યત્વે આ વિચારધારાથી ભટકાઈ જવાને કારણે વિખેરાઈ ગઈ. તૃણમૂલ કોંગ્રેસ પાસે કોઈ વિચારધારા નહોતી. તેના રાજકારણનું ધ્યાન ફક્ત સત્તા મેળવવા અને કોઈપણ રીતે તેને જાળવી રાખવા પર હતું. આ ધ્યાન દૂર થતાં જ, એટલે કે તેણે સત્તા ગુમાવી દીધી, તે વિખેરાઈ ગઈ. પ્રાદેશિક પક્ષો સાથે સમસ્યા ફક્ત એ નથી કે તેમાંના કેટલાક પાસે વિચારધારા છે. બીજી સમસ્યા એ છે કે તેઓ બિનલોકશાહી રીતે અને ખાનગી કંપનીઓની જેમ કાર્ય કરે છે. આવા પક્ષોમાં, પક્ષના નેતા અથવા કોઈ ચોક્કસ પરિવાર જ સર્વસ્વ છે. કોઈ પણ તેમને ઉથલાવી શકે નહીં. લોકશાહીમાં સરમુખત્યારશાહી પક્ષો માટે કોઈ સ્થાન હોવું જોઈએ નહીં, પરંતુ આપણા દેશની રાજનીતિનું દુર્ભાગ્ય એ છે કે ઘણી પાર્ટીઓ આ રીતે કાર્ય કરે છે. આ ઘણીવાર તેમના વિઘટન તરફ દોરી જાય છે. પ્રાદેશિક પક્ષોમાં વિઘટનનું સંકટ વધુ વકરી રહ્યું છે કારણ કે તેમના પ્રતિનિધિઓ માટે, રાજકારણ તકવાદનો પર્યાય બની ગયું છે. તેઓ ગમે ત્યારે પક્ષ બદલે છે. મોટાભાગે, પદ, પૈસા અથવા અન્ય રાજકીય લાભની લાલચ માટે પક્ષપલટો કરવામાં આવે છે. કોઈ વ્યક્તિ પક્ષપલટો કરે તેમાં કોઈ નુકસાન નથી, પરંતુ આમ કરતા પહેલા, તેમણે તેમના ધારાસભ્ય અથવા સાંસદ પદ પરથી રાજીનામું આપવું પડશે. આમ કરવામાં નિષ્ફળતા એ લોકોના આદેશનો અનાદર છે. લગભગ તમામ રાજકીય પક્ષો સમયાંતરે પક્ષપલટોને પ્રોત્સાહન આપી રહ્યા છે. પક્ષપલટો વિરોધી કાયદા હોવા છતાં, ધારાસભ્યો અને સાંસદોમાં પક્ષપલટોનું વલણ ચાલુ રહે છે. જોકે આ કાયદો કડક બનાવવામાં આવ્યો છે, તે અસરકારક પણ સાબિત થઈ રહ્યો નથી, કારણ કે હવે પક્ષપલટોને નીચું જોવામાં આવતું નથી.

### સાત મોટા કેસમાં મહિલાઓ ઝડપાઈ

## હાઈ-પ્રોફાઈલ દાણચોરી અને ડ્રગ્સ હેરાફેરીમાં મહિલાઓનો દબદબો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

વર્ષો પહેલા રિલીઝ થયેલી સંજય દત્ત અને શ્રીદેવીની ફિલ્મ ગુમરાહમાં જે રીતે શ્રીદેવીને ડ્રગ્સની હેરાફેરી કેસમાં ખોટી રીતે ફસાવી દેવામાં આવે છે તેવી રીતે પોતાને ડ્રગ્સના ખોટા કેસમાં એક મિત્રએ ફસાવી દીધી છે આવો દાવો મોડેલ હર્ષા સોનીએ મુંબઈ એરપોર્ટ પર કર્યો હતો. હર્ષા સોની થાઈલેન્ડથી મુંબઈ આવતી વખતે એરપોર્ટ પર 11.82 કરોડના હાઈબ્રિડ ગાંજા સાથે ઝડપાઈ ગઈ છે. આ તો થઈ એક મહિલાની વાત પરંતુ છેલ્લા ઘણા સમયથી સ્મગલિંગ અને ડ્રગ્સની હેરાફેરીમાં મહિલાઓની સંડોવણી સતત વધી રહી હોવાનું સેન્ટ્રલ એજન્સીઓના ધ્યાનમાં આવ્યું છેદેશના મુખ્ય તમામ એરપોર્ટ પર છેલ્લા બે વર્ષ દરમિયાન પકડાયેલા હાઈ-પ્રોફાઈલ દાણચોરી અને ડ્રગ્સ હેરાફેરીના કેસોમાં મહિલાઓની સંડોવણી વધી રહી હોવાની વાત સામે આવી છે. વર્ષ 2024થી 2026 દરમિયાન બેંગ્લોર, મુંબઈ, અમદાવાદ અને સુરત એરપોર્ટ પર નોંધાયેલા મોટા કેસોમાં મહિલાઓ ઝડપાઈ છે.કસ્ટમ્સની ઓફિસ ખાતેથી જાણવા મળતી માહિતી મુજબ વર્ષ 2025માં દેશભરમાં ચર્ચાસ્પદ બનેલા કેસમાં પૂર્વ ડીજીપીની પુત્રી રાનિયા રાવની દુબઈથી બેંગ્લોર પહોંચ્યા બાદ DRI દ્વારા અટકાયત કરવામાં આવી હતી. તેની પાસેથી 14.2 કિલોગ્રામ સોનું મળી આવ્યું હતું, જેની તે વખતે બજાર કિંમત આશરે 12.36 કરોડ હોવાનું બહાર આવ્યું હતું.અમદાવાદ એરપોર્ટ પર જુલાઈ 2025માં અબુધાબીથી આવેલી મહિલા પેસેન્જર રસીદા પાસેથી 12 કરોડ કિંમતની રિચાર્ડ મિલે બ્રાન્ડની લક્ઝરી ઘડિયાળ જપ્ત કરવામાં આવી હતી. ત્યારબાદ નવેમ્બર 2025માં 17 લાખની રોલેક્સ ઘડિયાળ સાથે એક મહિલા અને અન્ય પેસેન્જરની પણ અટકાયત કરવામાં આવી હતી.સપ્ટેમ્બર 2025માં મુંબઈની હિમાની નામની યુવતી અમદાવાદ એરપોર્ટ પર 43 લાખના આઈફોન સાથે ઝડપાઈ હતી. તપાસ દરમિયાન વિદેશ પ્રવાસના બહાને અંદાજે એક કરોડ રૂપિયાના આઈફોનની હેરાફેરી કર્યાનું પણ સામે આવ્યું હતું.જેદ્દાહથી અમદાવાદ આવેલી પાલનપુરની ચાર મહિલા પેસેન્જર પાસેથી 1.53 કરોડના સોનાના દાગીના મળી આવ્યા હતા. આ કેસમાં પાલનપુરના ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલકની પણ ધરપકડ કરવામાં આવી હતી.સુરત એરપોર્ટ પર સપ્ટેમ્બર 2025માં દુબઈથી આવેલી એક મહિલા અને તેના સાથી મુસાફર પાસેથી આશરે 25 કરોડના ગોલ્ડ બિસ્કિટ જપ્ત કરવામાં આવ્યા હતા. તાજેતરમાં 12 જૂન 2026ના રોજ મુંબઈ એરપોર્ટ પર એર ઈન્ડિયાની ફ્લાઈટ મારફતે થાઈલેન્ડથી આવેલી મોડલ અને બ્યુટી પેજન્ટ રનર-અપ હર્ષા સોનીની કસ્ટમ વિભાગે અટકાયત કરી હતી. તેની પાસેથી 11.82 કરોડની કિંમતનો હાઈબ્રિડ ગાંજો મળી આવ્યો હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. આ કેસમાં એનડીપીએસ એક્ટ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.કસ્ટમ વિભાગના સિનિયર અધિકારીઓના જણાવ્યા મુજબ, છેલ્લા બે વર્ષમાં સામે આવેલા સાત મોટા હાઈ-પ્રોફાઈલ કેસોએ એક વાત સ્પષ્ટ કરી છે કે સેલિબ્રિટી, મોડલ કે VIP પેસેન્જર હોવાનો કોઈ વિશેષ લાભ કે તપાસની અસર થાય તેવી સુવિધા આપવામાં આવતી નથી. દરેક મુસાફરના સામાનનું સ્કેનિંગ, પ્રોફાઈલિંગ અને જરૂરી હોય ત્યારે સઘન ચેકિંગ કરવામાં આવે છે.અધિકારીઓના જણાવ્યા મુજબ, "મને કોઈએ પાર્સલ આપ્યું હતું", "મને સામાન અંગે જાણ નહોતી" જેવા દાવાઓ તપાસ દરમિયાન ધ્યાનમાં લેવામાં આવતા નથી.

### ધોરણ ૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓ સૌથી વધુ પ્રભાવિત : ૨૦૮ માં થી માત્ર ૧૫ રૂટ પર જ પુસ્તકો પહોચ્યા

## શાળાઓ શરૂ થયાના ૧૦ દિવસ થવા છતાંય લાખો વિદ્યાર્થીઓ પાઠયપુસ્તકો વિના વંચિતઃ ગુજરાતમાં શિક્ષણ વ્યવસ્થા પર મોટો સવાલ

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાતમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ ચુકયો છે. પરંતુ રાજયની શિક્ષણ વ્યવસ્થાને લઈને એક મોટો વિવાદ બહાર આવ્યો છે. ત્યારે રાજય સરકારની નીતિઓ અને શિક્ષણ વિભાગની ગંભીર બેદરકારી પર આકરા પ્રહારો કર્યા છે. શાળાઓ શરૂ થયાને ૧૦ દિવસ જેટલો સમય વિતી ગયો હોવા છતાં, રાજયના લાખો વિદ્યાર્થીઓ સુધી હજુ સુધી પાઠય પુસ્તકો પહોચ્યા નથી. હેમાંગ રાવલે પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યુ હતુ કે પુસ્તકો ન મળવાને કારણે ખાસ કરીને ધોરણ ૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓ સૌથી વધુ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. શાળાઓમાં શૈક્ષણિક કાર્ય શરૂ થઈ ગયુ છે. પરંતુ પુસ્તકોના અભાવે વિદ્યાર્થીઓના અભ્યાસ સંપૂર્ણપણે અટકી પડયો છે. પુસ્તકો વિના શિક્ષકોને પણ નવો અભ્યાસક્રમ ચલાવવામાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. કોંગ્રેસે આંકડાકીય માહિતી આપતા ગંભીર આક્ષેપ કર્યો હતો કે રાજયના કુલ ૨૦૮ સપ્લાય રૂટમાંથી માત્ર ૧૫ રૂટ પર જ પુસ્તકો પહોચાડવામાં આવ્યા છે. બાકીના ૧૯૩ રૂટ અને રાજયના ૪૦૦ થી વધુ વિતરણ કેન્દ્રો પર હજુ સુધી પુસ્તકોનો પત્તો જ નથી, સૌથી વધુ આઘાતજનક બાબત એ છે કે ગરીબ અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓ માટેના વિનામુલ્યે પાઠય પુસ્તકોનુ છાપકામ પણ હજુ સુધી પૂર્ણ થયુ નથી.હેમાંગ રાવલે સરકારની દાનત પર સવાલ ઉઠાવતા કહ્યુ હતુ કે બજારમાં જે પુસ્તકો પૈસા લઈને વેચવાના છે તેનુ છાપકામ સમયસર પુરૂ થઈ ગયુ અને તે બજારમાં ઉપલબ્ધ પણ થઈ ગયા છે. પરંતુ સરકારી શાળાઓમાં ભણતા એસસી, એસટી, આદિવાસી અને આર્થિક રીતે નબળા વર્ગના (ઈડબલ્યુએસ) વિદ્યાર્થીઓ, જેમને મફત પાઠય પુસ્તકો મળવાના છે તેમના પુસ્તકો અટકાવી દેવાયા છે. આ સીધો પક્ષપાત અને ગરીબ વિરોધી માનસિકતા દર્શાવે છે. એક તરફ સરકાર નેશનલ કરિકયુલમ ફ્રેમ વર્ક, જેવા ભવ્ય અને કરોડોના ખર્ચે કાર્યક્રમો કરીને શિક્ષણમાં આમુલ પરીવર્તનના મોટા મોટા દાવાઓ કરે છે. તો બીજી તરફ વાસ્તવિકતા એ છે કે ગરીબ બાળકો પાસે ભણવા માટે પુસ્તકો પણ નથી, રાજયમાં શાળાઓ ૬ જુન થી શરૂ થઈ ગઈ હોવા છતાં ૧૬ જુન સુધી પુસ્તકો ન પહોચવા તે વહિવટી તંત્રની નિષ્ફળતા અને વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થયેલો મોટો અન્યાય છે. આ મામલામાં માત્ર વહિવટી બેદરકારી જ નહી પરંતુ મોટી અન્યાઈ નીતીઓ અને સંભવિત કૌભાંડની આશંકા પણ સેવાઈ રહી છે. કોંગ્રેસે માંગ કરી છે કે સરકારે કોઈપણ જાતના વિલંબ વિના યુદ્ધના ધોરણે પાઠય પુસ્તકોનુ વિતરણ તાત્કાલીક પુરૂ કરવુ જોઈએ, આ સાથે જ હેમાંગ રાવલે ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી દિવસોમાં આ સમસ્યા હલ નહી થાય તો કોંગ્રેસ આ શિક્ષણ વિભાગની પોલ ખોલતા વધુ દસ્તાવેજો અને પુરાવાઓ જનતા સમક્ષ જાહેર કરશે.

## ઈન્ડોનેશિયામાં ૬.૭ની તીવ્રતાના ભૂકંપ, સેંકડો ઈમારતોને નુકસાન

(સંપૂર્ણ સમાચાર સેવા)પાલુ/બેઈજિંગ

મધ્ય ઈન્ડોનેશિયાના સુલાવેસી પ્રાંતમાં ૬.૭ની તીવ્રતાના ભૂકંપના આંચકાથી સંખ્યાબંધ લોકો ઘાયલ થયા હતા અને સેંકડો ઈમારતોને નુકસાન થયું હતું. ૮ વર્ષ પહેલા ત્સુનામીની તારાજીનો ભોગ બનેલા સુલાવેસી વિસ્તારમાં ભૂકંપથી વ્યાપક નુકસાન થયું હતું. ભૂકંપનું કેન્દ્ર બિન્દુ પ્રાંતના પાલુ શહેરથી ૪૩ કિમી દૂર હતું. અનેક હોસ્પિટલોમાંથી દર્દીઓને તાત્કાલિક બહાર લાવી દેવાયા હતા અને હજારો લોકોએ ખુલ્લા આકાશ નીચે આશરો લીધો હતો. ભૂકંપમાં ૩૨ લોકો ઘાયલ થયા હતા.સરકારી કચેરીઓ, મકાનો સહિતની વિવિધ ઈમારતોને વ્યાપક નુકસાન થયુ હતું. ભૂકંપ બાદ ૫૫ આફ્ટર શોક્સ આવતાં લોકોમાં સુનામીનો ભય ફેલાયો હતો. મંગળવારે જાપાનના પાટનગર ટોકિયો સહિતના પૂર્વીય વિસ્તારોમાં પ્રાથમિક અંદાજ મુજબ ૫.૫ તીવ્રતાનો ભૂકંપ ત્રાટક્યો હતો. જોકે, જાપાનના હવામાન વિભાગે જણાવ્યું હતું કે સુનામીનું કોઈ જોખમ કે શક્યતા નથી. બીજી તરફ, ચીનના ઉત્તર-પશ્ચિમ ભાગમાં આવેલા કિંઘાઈ પ્રાંતના હાઈશી વિસ્તારમાં પણ મંગળવારે ૬.૩ તીવ્રતાનો ભૂકંપ ત્રાટક્યો હતો, એમ ચાઈના અર્થક્વેક નેટવર્ક્સ સેન્ટર એ જણાવ્યું હતું. અત્યાર સુધી બંને દેશોમાં જાનહાનિ અથવા મિલકતને નુકસાન થયાના કોઈ અહેવાલ મળ્યા નથી. ચીનમાં સાંજે ૫:૦૬ વાગ્યે (સ્થાનિક સમય મુજબ) આવેલા ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૧૦ કિલોમીટર ઊંડે હતું.

### ૧૭ મહાનગરપાલિકાઓ, ૩૩ જિલ્લાઓના તમામ તાલુકાઓ, નગરપાલિકાઓ અને ગ્રામ્ય સ્તરે એક જ સમયે સામૂહિક યોગાભ્યાસ યોજાશે

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે કરાશેઃ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી



૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અંગે વિગતો આપતાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સુશાસનના ૧૨ વર્ષની ઉજવણી વિશિષ્ટ સેવાકીય કાર્યો દ્વારા કરવામાં આવી રહી છે. આ અંતર્ગત ગુજરાતમાં આ વર્ષે ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં કરવામાં આવશે. જેમાં ૪ હજારથી વધુ નાગરીકો સહભાગી થશે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ વર્ષે 'યોગા ફોર હેલ્ધી એજિંગ' થીમ પર વિશેષ કાર્યક્રમો યોજાશે. આ સંદર્ભે રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૦થી વધુ મોટા કાર્યક્રમોનું સફળ આયોજન થઈ ચૂક્યું છે. આગામી યોગ દિવસ સુધીમાં સમગ્ર રાજ્યમાં શાળાઓ, કોલેજો, કોર્પોરેટ ઓફિસો, ઈન્ડસ્ટ્રીઝ, બગીચાઓ અને જાહેર માર્ગો પર મળીને કુલ ૨૪,૦૦૦ જેટલા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી સંઘવીએ માહિતી આપતા ઉમેર્યું કે, આ વર્ષે યોગ દિવસે સમગ્ર રાજ્યમાંથી ૧.૨૫ કરોડથી પણ વધુ નાગરિકો યોગ પ્રોટોકોલ તાલીમમાં ભાગ લેવાના છે. તમામ જિલ્લાઓમાં કલેક્ટરશ્રીઓ, મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ અને સામાજિક સંસ્થાઓના સંકલન સાથે વિવિધ સમિતિઓ આ આયોજનને સફળ બનાવવા કાર્યરત છે. તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યમાં ૧૪ જૂનથી ૨૦ જૂન સુધી 'યોગ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. સફાઈ કર્મચારીઓ, મહિલાઓ, સિનિયર સિટીઝન્સ અને ખેડૂતો જેવા સમાજના વિવિધ વર્ગો આવરી લઈને ૧૨ જેટલા વિશેષ કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. જેમાંથી ૧૦ કાર્યક્રમો સંપન્ન થઈ ચૂક્યા છે અને બાકીના ૨ કાર્યક્રમો આગામી બે દિવસમાં યોજાશે. આ ઉપરાંત, ૧૭ મહાનગરપાલિકાઓ, ૩૩ જિલ્લાઓના તમામ તાલુકાઓ, નગરપાલિકાઓ અને ગ્રામ્ય સ્તરે એક જ સમયે સામૂહિક યોગાભ્યાસ યોજાશે. આ અનુસંધાને આજે વહેલી સવારે ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટી ખાતે ૫,૦૦૦થી વધુ સભ્યોએ ઉત્સાહપૂર્વક જોડાઈને સામૂહિક યોગ કર્યા હતા.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિદેશ મુલાકાતને યાદ કરતા જણાવ્યું હતું કે, વિદેશની ધરતી પર વિદેશી નાગરિકો દ્વારા યોગ થકી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું, જે દર્શાવે છે કે આપણી સંસ્કૃતિ અને યોગ આજે દુનિયાના ખૂણે-ખૂણે પહોંચી ગયા છે. ભારતમાં જ નહીં પરંતુ વિશ્વમાં આજે ખૂબ જ આકર્ષક પગાર સાથે ભારતીય યોગ શિક્ષકોની માંગમાં વધારો થયો છે.

ગુજરાત યોગ બોર્ડ દ્વારા સામાન્ય નાગરિકો રોજ સવારે યોગ કરી શકે તે માટે ટ્રેનિંગ અને સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ સરાહનીય કામગીરી બદલ યોગ બોર્ડના ચેરમેન અને તેમની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા. - ઋચા રાવલ

## આમ આદમી પાર્ટીએ ખેડુતોના મુદ્દે કરી મોટી જાહેરાતઃ સુરેન્દ્રનગરમાં યોજાશે વિશાળ કિસાન મહાપંચાયત

પ્રતિનિધિ,ગાંધીનગર



પ્રવિણ રામે વિડીયોના માધ્યમથી જાહેરાત કરી છે કે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ બાદ હવે ગુજરાતના ખેડુતોના પ્રશ્નોને લઈને આંદોલનના બીજા અધ્યાયની શરૂઆત કરવામાં આવશે. આ માટે આવનારી ૨૭ જુને સુરેન્દ્રનગર ખાતે આમ આદમી પાર્ટી દ્વારા વિશાળ કિસાન મહાપંચાયતનુ આયોજન કરવામાં આવ્યુ છે.

પ્રવિણ રામે વધુમાં જણાવ્યુ હતુ કે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ પહેલા આમ આદમી પાર્ટીએ ખેડુતોના વિવિધ પ્રશ્નોને મજબુતાઈથી ઉઠાવ્યા હતા, ખેડુતોને જરૂર પડયે પાર્ટીના નેતાઓએ મેદાનમાં રહીને લડત આપી હતી, હડદળ મુકામે ખેડુતોના હક્ક માટે થયેલા આંદોલન દરમિયાન તેઓ સહિત ૮૦ થી વધુ કાર્યકરો અને ખેડુતો ૧૦૮ દિવસ સુધી જેલમાં રહ્યા હતા, તેમ છતાં ખેડુતોના હિત માટેનો અવાજ સતત ઉઠાવવામાં આવ્યો હતો, તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે ખેડુતોના પ્રશ્નોને લઈને રાજયભરમાં અનેક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેલમાંથી મુકત થયા બાદ સોમનાથ થી ગાંધીનગર સુધી ખેડુતોના પ્રશ્નોને કેન્દ્રમાં રાખીને યાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. ઉપરાંત સમગ્ર ગુજરાતમાં ૧૦ થી વધુ કિસાન મહાપંચાયતો અને ૧૦ હજાર થી વધુ નાની ખાટલા બેઠકો યોજાઈ હતી.

પ્રવિણ રામે વધુમાં જણાવ્યુ હતુ કે ખેડુતોના વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે પાર્ટી દ્વારા રાજયભરમાં વ્યાપક જનસંપર્ક અભિયાન ચલાવવામાં આવ્યુ હતુ, આ અભિયાન અંતર્ગત ૮૦ હજાર થી વધુ ખેડુતોના હસ્તાક્ષર એકત્રિત કરીને મુખ્યમંત્રીને આવેદનપત્ર સોંપવામાં આવ્યુ હતું. આ સાથે ખેડુતોની સમસ્યાઓનો તાત્કાલીક ઉકેલ લાવવાની માંગ પણ કરવામાં આવી હતી. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે સુરેન્દ્રનગરમાં યોજાનારી કિસાન મહાપંચાયતમાં ખેડુતોને હાલ ભોગવવા પડી રહેલી તેમજ ભવિષ્યમાં ઉભી થનારી સમસ્યાઓ અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવશે. અતિવૃષ્ટિ, ઓછો વરસાદ, બિયારણ, ખાતર, વિજળી અને અન્ય કૃષિ સંબંધિત પ્રશ્નો ઉપરાંત હાઈ ટેન્શન લાઈનના મુદ્દે ખેડુતો અનુભવી રહેલી મુશ્કેલીઓ પણ ચર્ચાના કેન્દ્રમાં રહેશે. પ્રવિણ રામના જણાવ્યા અનુસાર સુરેન્દ્રનગરની આ કિસાન મહાપંચાયત ખેડુતોના હક્ક અને હિત માટે શરૂ થનારી નવી લડતનુ પ્રારંભ બિંદુ બનશે. તેમણે વિશ્વાસ વ્યકત કર્યો હતો કે આગામી સમયમાં પણ આમ આદમી પાર્ટી ખેડુતોના પ્રશ્નોને મજબુતાઈથી ઉઠાવતી રહેશે અને આંદોલનના માધ્યમથી તેમના હક્ક માટે સતત લડત આપશે.

## શેરબજારમાં નફાની લાલચે કડીના વેપારી સાથે રૂ.૧૭ લાખની ઓનલાઈન ઠગાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

કડીના એક વેપારી સાથે મુંબઈની કથિત ટ્રેડિંગ કંપનીના નામે બે શખ્સોએ રૂ.૧૭,૦૦,૮૦૪ ઓનલાઈન ઠગાઈ આચરતાં મહેસાણા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.કડીના દેત્રોજ રોડ પર ઉમિયા સોસાયટીમાં રહેતા અને ઊંઝા ખાતે 'મૂનલાઈટ' નામની ઈલેક્ટ્રિકની દુકાન ચલાવતા લોમેશભાઈ અમૃતભાઈ પટેલને ગત એપ્રિલ ૨૦૨૫ માં ફોન કરનારે તે સ્પાર્ટન ટ્રેડિંગ કંપની મુંબઈનો મેનેજર અમનભાઈ બોલતો હોવાની ઓળખ આપી હતી. તેણે તેમની કંપની શેરબજારમાં ઓપ્શન ટ્રેડિંગ કરવા માટેની ટીપ્સ આપતી હોવાનું જણાવ્યું હતું. લોમેશભાઈ શેરબજારમાં ટ્રેડિંગ કરતા હોવાથી તેમણે વોટ્સએપ પર ટિપ્સ મેળવવાનું શરૂ કર્યું હતું. તેણે આપેલી ટીપ્સથી શરૂઆતના એક જ અઠવાડિયામાં લોમેશભાઈને રૂ.૬ લાખનો નફો થયો હતો. દરમિયાન તેઓ કથિત કંપનીના સિનિયર અધિકારી સુરજભાઈના પણ સતત સંપર્કમાં આવ્યા હતા. થોડા સમય બાદ લોમેશભાઈને ટ્રેડિંગમાં નુકસાન થવા લાગ્યું હતું, જેથી તેમણે સુરજભાઈને ફોન કરીને તેમને થયેલા નુકશાન અંગે વાત કરતાં તેણે તમારા ડીમેટ એકાઉન્ટમાં બ્રોકરેજ વધુ કપાતું હોવાથી તમને વધુ લોસ જાય છે. તમે અમારી કંપનીના ખાતામાં સીધા નાણાં નખાવો તો બ્રોકરેજ ઘટી જશે. જેથી લોસ રિકવર કરવાની અને વધુ નફો મેળવવાની લાલચમાં લોમેશભાઈ તેમની જાળમાં ફસાઈ ગયા હતા. અને આરોપીઓએ મોકલેલા જુદા-જુદા UPI આઈડી પર ૧ એપ્રિલ ૨૦૨૫થી ૨૩ જૂન ૨૦૨૫ દરમિયાન પોતાના, પોતાની પત્ની અસ્મિતાબેન તથા ભાઈ નીરવકુમારના બેંક ખાતાઓમાંથી કટકે-કટકે કુલ રૂ.૧૭,૦૦,૮૦૪ ટ્રાન્સફર કરી દીધા હતા. લાખો રૂપિયાનું રોકાણ કર્યા બાદ પણ આરોપીઓ વધુ નાણાં રોકવા દબાણ કરતા હતા અને કોઈ નફો આપ્યો નહોતો પરંતુ નુકશાન થયું હોવાનું જણાવતા હતા. છેતરપિંડીનો ભોગ બન્યા હોવાની શંકા જતાં લોમેશભાઈએ સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ઓનલાઈન અરજી કરી હતી. જેની તપાસના અંતે આ મામલે સાયબર ક્રાઈમ પોલીસે સ્પાર્ટન ટ્રેડિંગ કંપનીના કથિત મેનેજરો અમનભાઈ અને સુરજભાઈ નાણાં ગયાં છે તેના ધારકો સામે છેતરપિંડીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## મૃત પતિની સંપત્તિમાંથી બાકીનું ભરણપોષણ મળે, પણ તેમાં વધારો ન થાયઃ હાઈકોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

બોમ્બે હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદામાં જણાવ્યું છે કે છૂટાછેડા લીધેલી પત્ની તેના મૃત્યુ પામેલા પતિની મિલકતમાંથી ભરણપોષણની બાકી રકમ વસૂલ કરી શકે છે, પરંતુ ભરણપોષણની રકમમાં વધારો કરવાની માંગ કરી શકે નહીં. જો આવી રકમમાં વધારો કરવાની મંજૂરી આપવામાં આવે તો કેસોનું ઘોડાપૂર આવી શકે છે.ન્યાયમૂર્તિ ભારતી ડાંગરે અને ન્યાયમૂર્તિ મંજુષા દેશપાંડેની ખંડપીઠે મે મહિનામાં આપેલા ચુકાદામાં જણાવ્યું હતું કે ભરણપોષણમાં યોગ્ય વધારો નક્કી કરવા માટે પત્નીની જરૂરિયાતો અને પતિની વાસ્તવિક આર્થિક ક્ષમતા વચ્ચે સંતુલન જાળવવું જરૂરી છે, પરંતુ પતિના મૃત્યુ પછી આ મહત્વપૂર્ણ પાસું ઉપલબ્ધ રહેતું નથી. કોર્ટ નરેન ગોરેગાંવકરની ૬૨ વર્ષીય વિધવા વર્ષાએ દાખલ કરેલી અપીલની સુનાવણી કરી રહી હતી. વર્ષાએ ફેમિલી કોર્ટના એક આદેશને પડકાર્યો હતો. અરજી મુજબ વર્ષા અને નરેન ગોરેગાંવકરના લગ્ન જાન્યુઆરી ૧૯૭૪માં થયાં હતાં, પરંતુ ૧૯૭૭માં બંને અલગ થઈ ગયાં હતાં. તેમને કોઈ સંતાન નહોતું. ૧૯૮૦માં નરેને છૂટાછેડા માટે અરજી કરી હતી. છૂટાછેડા મંજૂર થયા બાદ વર્ષાને દર મહિને ૬,૦૦૦ ભરણપોષણ ચૂકવવાનો નરેનને આદેશ અપાયો હતો. માર્ચ ૨૦૧૨માં નરેનના અવસાન પછી વર્ષાએ ફેમિલી કોર્ટમાં અરજી કરી હતી. તેમણે બાકી રહેલી ભરણપોષણની રકમ વસૂલ કરવાની સાથે જીવનનિર્વાહ ખર્ચ અને તબીબી ખર્ચમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને ભરણપોષણની રકમ વધારવાની માંગ પણ કરી હતી. ફેબ્રુઆરી ૨૦૨૩માં ફેમિલી કોર્ટે વર્ષાને નરેનની મિલકતમાંથી બાકી રકમ વસૂલ કરવાની મંજૂરી આપી હતી, પરંતુ ભરણપોષણમાં વધારો કરવાની માંગ ફગાવી દીધી હતી.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### જનકલ્યાણ શિબિરમાં મોટી સંખ્યામાં ગ્રામજનોને મળ્યા સરકારી યોજનાઓના લાભ

# AAP ધારાસભ્ય ચૈતર વસાવાની ઉપસ્થિતિમાં સાગબારા તાલુકાના ખોપી ખાતે જનકલ્યાણ શિબિર અને વૃક્ષારોપણ કાર્યક્રમનું સફળ આયોજન

અમદાવાદ/નર્મદા/ગુજરાત

આજે નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના ખોપી ખાતે જનકલ્યાણ શિબિર તથા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ પ્રજાના વિવિધ પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવાનો તેમજ સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના ગામડાઓ સુધી પહોંચાડવાનો હતો. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટી ડેડિયાપાડા મતવિસ્તારના ધારાસભ્ય ચૈતર વસાવા, નર્મદા જિલ્લા પંચાયતના કારોબારી સમિતિના અધ્યક્ષ અસ્મિતાબેન આઝાદસિંહ ઠાકોર, નર્મદા જિલ્લા પંચાયતના આરોગ્ય સમિતિના ચેરમેન ડૉ. દયારામ વસાવા, સાગબારા તાલુકા પંચાયતના પ્રમુખ જગદીશભાઈ વસાવા, તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ જયંતભાઈ વસાવા, તાલુકા પંચાયત ન્યાય સમિતિના અધ્યક્ષ પ્રિયંકાબેન વસાવા, ખોપી જિલ્લા પંચાયતના સભ્ય ગિરધનભાઈ વસાવા, સાગબારા જિલ્લા પંચાયતના સભ્ય હેતલબેન ચેતનભાઈ તડવી, પાંચપીપરી તાલુકા પંચાયતના સભ્ય અનિતાબેન કોઠારી, નરવાડી તાલુકા પંચાયતના સભ્ય સુમનબેન તડવી, બર્કતુરા તાલુકા પંચાયતના સભ્ય ભાવતીબેન વસાવા, દેવસાકી તાલુકા પંચાયતના સભ્ય આર્તિકાબેન વસાવા, ઉભારિયા તાલુકા પંચાયતના સભ્ય અંજુબેન વસાવા, નાલ તાલુકા પંચાયતના સભ્ય વીણાબેન વસાવા તેમજ સિમઆમલી તાલુકા પંચાયતના સભ્ય ચમારિયાભાઈ વસાવા સહિત વહીવટી તંત્રના અધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



આ પ્રસંગે ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે સરકારની વિવિધ વિકાસલક્ષી અને કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના વ્યક્તિ સુધી પહોંચે તે માટે જનકલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં વિવિધ વિભાગોના અધિકારીઓ દ્વારા લોકોને યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ સ્થળ પર જ અનેક સેવાઓ અને લાભો પૂરા પાડવામાં આવ્યા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે કોઈપણ વિસ્તારનો વિકાસ માત્ર ચૂંટાયેલા પ્રતિનિધિઓ કે અધિકારીઓના પ્રયાસોથી શક્ય નથી, પરંતુ અધિકારીઓ, પદાધિકારીઓ અને જનતાના સહિયારા પ્રયાસોથી જ વિકાસની ગતિને વેગ મળી શકે છે. શિક્ષણ, કૃષિ, આરોગ્ય, રોજગારી અને સામાજિક વિકાસ જેવા ક્ષેત્રોમાં સૌના સહયોગથી વિસ્તારને વધુ પ્રગતિશીલ બનાવી શકાય છે. કાર્યક્રમ દરમિયાન તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર તેમજ વિવિધ વિભાગોના અધિકારીઓ, કર્મચારીઓ અને લાભાર્થીઓએ હાજરી આપી હતી. મોટી સંખ્યામાં ગ્રામજનો, સરપંચો, તાલુકા અને જિલ્લા પંચાયતના સભ્યો તેમજ અન્ય આગેવાનોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. જનકલ્યાણ શિબિરમાં વિવિધ યોજનાઓ અંગે માહિતી, માર્ગદર્શન અને લાભો પૂરા પાડવામાં આવ્યા હતા, જેના કારણે સ્થાનિક લોકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. સૌના સહકાર અને સંયુક્ત પ્રયાસોથી કાર્યક્રમ સફળ રહ્યો હોવાનું આયોજનકર્તાઓએ જણાવ્યું હતું.

# રાજ્યના એપીએમસી કર્મચારીઓને ગુજરાત સરકારે બોનસ ચુકવવાની આપી મંજુરી

પ્રતિનિધિ,ગાંધીનગર

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજયની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ (એપીએમસી) ના કર્મચારીઓના વ્યાપક હિતમાં કૃષિ અને સહકાર મંત્રી જીતુ વાઘાણીએ એક અત્યંત સંવેદનશીલ નિર્ણય લીધો છે. જેની જાહેરાત કરતા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યુ હતુ કે હવેથી એપીએમસીના કર્મચારીઓને નિયત શરતોને આધીન બોનસ અને રહેમ ભથ્થાં ચુકવવાની સત્તાવાર મંજુરી આપવામાં આવી છે. મંત્રીએ આ અંગે વિસ્તૃત વિગતો આપતા જણાવ્યુ હતુ કે જે એપીએમસીનુ કુલ મહેકમ ખર્ચ બજારના નિયમો મુજબ ૪૦ ટકાની મર્યાદામાં રહેતો હશે, તેવી તમામ એપીએમસી નાણાંકીય શિસ્તને ધ્યાનમાં રાખીને પોતાના કર્મચારીઓને મહત્તમ બે પગાર સુધીનુ બોનસ અથવા રહેમ ભથ્થુ ચુકવી શકશે. આ નિર્ણયથી રાજયની ૨૨૪ એપીએમસીના આશરે ૩ હજાર થી વધુ કર્મચારીઓને સીધો લાભ




મળશે. સહકાર મંત્રીએ વધુમાં જણાવ્યુ હતુ કે એપીએમસીના સુદ્રઢ વહિવટી અને નાણાંકીય હિતોની રક્ષા સાથે તેના કર્મયોગીઓનુ કલ્યાણ કરવુ એ પણ રાજય સરકારની પ્રાથમિકતા રહી છે. ગુજરાત રાજય બજાર સમિતિ કર્મચારી સંઘ, ગાંધીનગર દ્વારા કરાયેલી રજુઆતો સંદર્ભે મુખ્યમંત્રી સાથે કરેલી ઉચ્ચસ્તરીય વિચારણા બાદ આ મંજુરી આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે બજાર ફંડના સદઉપયોગ અને ભથ્થાની ચુકવણી અંગે રાજય સરકારે કેટલીક મર્યાદાઓ નિર્ધારીત કરી છે. પરંતુ કર્મચારીઓના હિતોને ધ્યાને રાખીને, વચગાળાનો સકારાત્મક મધ્યમ માર્ગ અપનાવીને બોનસ ચુકવવાની કાયદેસરની છુટછાટ આપી છે. જયારે બોનસ સિવાયની અન્ય વહિવટી શરતો અગાઉ મુજબ યથાવત રાખવામાં આવી છે. રાજય સરકારના આ નિર્ણયને પગલે એપીએમસીના કર્મચારીઓમાં ભારે હર્ષોલ્લાસ અને ઉત્સાહની હેલી વ્યાપી ગઈ છે. આ કલ્યાણકારી નિર્ણયને સહર્ષ આવકારતા કર્મચારી સંઘના હોદ્દેદારોએ રાજય સરકારનો હૃદયપૂર્વક આભાર પ્રગટ કરી કૃતજ્ઞતા વ્યકત કરી છે.

### NEET પુનઃ પરીક્ષા પહેલા રાજસ્થાન, ઉત્તરાખંડ અને દિલ્હીમાં

# ત્રણ વિદ્યાર્થીઓની આત્મહત્યા સાથે દેશભરમાં અત્યાર સુધી આઠ વિદ્યાર્થીઓની આત્મહત્યા ધ્વારા થયા છે મોત

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

રાજસ્થાન, ઉત્તરાખંડ અને દિલ્હીમાં ત્રણ વિદ્યાર્થીઓએ NEET પુનઃ પરીક્ષા પહેલા આત્મહત્યા કરી હોવાનું કહેવાય છે. NEET-UG પરીક્ષામાં પ્રશ્નપત્ર લીક અને અન્ય ગેરરીતિઓના આરોપો બાદ NTA તપાસ અને ટીકાનો સામનો કરી રહ્યું છે. ૩ મે ના રોજ યોજાનારી NEET 2026ની પરીક્ષા, પેપર લીકના દાવાઓને પગલે રદ કરવામાં આવી હતી. આ પરીક્ષા હવે ૨૧ જૂનના રોજ ફરીથી શેડયૂલ કરવામાં આવી છે. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ રાજસ્થાનના મૃતકની ઓળખ ૨૨ વર્ષીય ઉમેશ માલી તરીકે થઈ છે. જે ઝુન ઝુન જિલ્લાના કારી ગામનો રહેવાસી છે. સીકર પોલીસના જણાવ્યા અનુસાર મે ૨૦૨૬ ની પરીક્ષા (જે હવે રદ કરવામાં આવી છે) ઉમેશ નો ત્રીજો પ્રયાસ હતો. જોકે તે અગાઉ કોચિંગ સેન્ટરોમાં અભ્યાસ કરતો હતો. પરંતુ હવે તે ઘરે ફરીથી પરીક્ષાની તૈયારી કરી રહ્યો હતો. અને ચિઠ્ઠી લખી હતી કે હવે "હું આ દુનિયા છોડી રહ્યો છું માફ કરશો." એમ લખી આત્મહત્યા કરી લીધી હતી.

અન્ય કેસમાં ઉત્તરાખંડ ના દેહરાદૂનમાં NEET પરીક્ષા પહેલા જ તણાવને કારણે ૨૪ વર્ષીય રિયા કુમારી થાપા એના ઘરે મૃત હાલતમાં ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી અને મરતા પહેલા "આઈ લવ યુ મમ્મી, પપ્પા" લખેલી એક ભાવુક નોટ લખી હતી. મરનાર યુવતી ૧૯૯૯ના કારગિલ યુદ્ધના પૂર્વ સૈનિકની પુત્રી હતી અને રિયા ભણવામાં ખૂબ જ તેજસ્વી હતી. અને તેણે ધોરણ ૧૨ માં ૯૭% માર્કસ મેળવીને પોતાની સ્કૂલમાં ટોપ કર્યુ હતું. તે આગામી ૨૧ જૂનના રોજ યોજાનારી નેશનલ એલિજીબીલીટી કામ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET-UG) ની પુનઃપરીક્ષા માટે તનતોડ તૈયારી કરી રહી હતી. આ સાથે થોડા દિવસ પહેલા દક્ષિણ-પશ્ચિમ દિલ્હીના પાલમ કોલોનીમાં તેના ઘરે ૧૭ વર્ષીય વિદ્યાર્થી મૃત હાલતમાં મળી આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર મૂળ રાજસ્થાનની વિદ્યાર્થીની તેના પરિવાર સાથે દિલ્હીમાં રહેતી હતી. અને તપાસ દરમિયાન પોલીસને એક નોટબુક મળી હતી. જેમાં હાથથી લખેલી નોંધ હતી અને એમાં માતા-પિતાની માફી માંગી અને લખ્યું હતું કે તે માતા-પિતાની માફી માંગી અને લખ્યું હતું કે તે માતા-પિતાની અપેક્ષાઓ પર ખરી ઉતરી શકી નથી.

આમ NEET પેપર લીક થયા બાદ દેશભરના વિવિધ રાજ્યોના ઓછામાં ઓછા પાંચ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે. જેના કારણે આવા કુલ કેસોની સંખ્યા આઠ થઈ ગઈ છે. આ રીતે પેપર લીક, પરીક્ષામાં ગેરરીતિઓ બેરોજગારી અને કેન્દ્ર સરકારનો ભારતના યુવાનો સાથે વ્યવસ્થિત "વિશ્વાસઘાત" ના સંકટ થી વિદ્યાર્થીઓ આત્મહત્યા કરી મોતને વ્હાલું કરી રહ્યા છે.

### બગોદરા-બાવળા હાઈવે પર અકસ્માત

# બંધ ટ્રક પાછળ પૂરપાટ ઝડપે ડમ્પર ઘૂસી જતાં એકનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ જિલ્લાના બગોદરા-બાવળા હાઈવે પર ગત મોડી રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. હાઈવે પર પંચર પડવાના કારણે બંધ પડેલી એક ટ્રક પાછળ પાછળથી આવી રહેલું ડમ્પર ધડાકાભેર ઘૂસી ગયું હતું. આ અકસ્માતમાં ઘટનાસ્થળે જ એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

મળતી માહિતી અનુસાર, બગોદરા-બાવળા હાઈવે પરથી પસાર થઈ રહેલી એક ટ્રકમાં અચાનક પંચર પડતાં ચાલકે ટ્રકને રોડની સાઈડમાં ઊભી રાખી દીધી હતી. ટ્રકચાલક અને તેનો સાથીદાર બંધ ટ્રકનું ટાયર બદલી રહ્યા હતા. આ દરમિયાન પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલા એક ડમ્પરના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. બેકાબૂ બનેલું ડમ્પર સીધું જ બંધ પડેલી ટ્રકના પાછળના ભાગે ધડાકાભેર અથડાયું હતું. આ અકસ્માત એટલો ગંભીર હતો કે બંધ ટ્રક પાસે ઊભેલી એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ ગંભીર ઈજાઓ થવાના કારણે મોત નીપજ્યું હતું. જ્યારે બીજી તરફ, ટક્કર એટલી જોરદાર હતી કે ડમ્પરનો આગળનો ભાગ અને તેની કેબિનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો, જેમાં ડમ્પરચાલક અંદર જ બરાબરનો ફસાઈ ગયો હતો. ઘટનાને પગલે આસપાસના લોકો અને માર્ગ પરથી પસાર થતા અન્ય વાહનચાલકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. ફસાયેલા ડમ્પરચાલકને ભારે જહેમત અને મહામહેનતે કેબિન તોડીને બહાર કાઢવામાં આવ્યો હતો. આ અકસ્માતમાં અન્ય એક ટ્રકચાલક અને અકસ્માત સર્જનાર ડમ્પરચાલક બંનેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને બંને ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે તાત્કાલિક અમદાવાદની હોસ્પિટલમાં ખસેડ્યા હતા. પોલીસે આ મામલે ગુનો નોંધીને આગળની કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.

# બેંક ઓફ બરોડા 'બોબ લિજેન્ડ એફસીએનઆર(બી) ડિપોઝિટ સ્કીમ' સાથે એનઆરઆઈને વાર્ષિક ૬.૨૫% સુધીના ઊંચા વ્યાજ દર ઓફર કરે છે

ભારતની આંતરરાષ્ટ્રીય બેંક, બેંક ઓફ બરોડા, 'બોબ લિજેન્ડ એફસીએનઆર(બી) ડિપોઝિટ સ્કીમ' હેઠળ બિન-નિવાસી ભારતીયો (એનઆરઆઈ) ને વાર્ષિક ૬.૨૫% સુધીના ઊંચા વ્યાજ દર ઓફર કરી રહી છે. નવી 'બોબ લિજેન્ડ FCNR(B) ડિપોઝિટ સ્કીમ' હેઠળ, બેંક યુએસ ડોલર (USD) ડિપોઝિટ પર ૬.૨૫% વાર્ષિક, બ્રિટિશ પાઉન્ડ સ્ટર્લિંગ (GBP) અને ઓસ્ટ્રેલિયન ડોલર (AUD) ડિપોઝિટ પર ૪.૭૫% વાર્ષિક, કેનેડિયન ડોલર (CAD) ડિપોઝિટ પર ૫.૧૫% વાર્ષિક અને યુરો (EUR) ડિપોઝિટ પર ૩.૭૫% વાર્ષિક વ્યાજ દર ઓફર કરી રહી છે. બેંક ઓફ બરોડા તેના વ્યાપક આંતરરાષ્ટ્રીય હાજરી દ્વારા વૈશ્વિક ભારતીય ડાયસ્પોરા માટે પસંદગીની બેંકિંગ ભાગીદાર બની રહી છે. વધુમાં, NRIs FCNR(B) ડિપોઝિટ સામે મુશ્કેલી-મુક્ત ઓવરડ્રાફ્ટ/લોન સુવિધાનો લાભ લઈને સંપત્તિ સર્જન અને પ્રવાહિતાના બેવડા ફાયદાઓનો લાભ મેળવી શકે છે, જે તેમને તેમના વળતરને મહત્તમ કરવા સક્ષમ બનાવે છે અને સાથે સાથે વધુ નાણાકીય સુગમતા પ્રદાન કરે છે.

# EVના શોરૂમમાં લાગેલી આગે આસપાસની દુકાનો અને રેસ્ટોરાંને ઝપેટમાં લીધા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

અડાજણ ચાર રસ્તા પાસે BAPS હોસ્પિટલની પાસે આવેલા ઈફના શો રૂમમાં ભયાનક આગની ઘટના બની હતી. આગ એટલી વિકરાળ હતી કે ઈફના શો-રૂમમાંથી શરૂ થયેલી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને બાજુમાં આવેલી એપોલો ફાર્મસી અને રેસ્ટોરન્ટને પણ ઝપેટમાં લઈ લીધા હતા. જ્યારે ૧૫ જેટલા વાહનો પણ આગમાં બળીને ખાખ થઈ ગયા હતા. ફાયરની ટીમે ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. અડાજણ ચાર રસ્તા પાસે આવેલા TVS EV શો-રૂમમાં અચાનક કોઈ કારણોસર આગ લાગી હતી. આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં એપોલો ફાર્મસી અને એક રેસ્ટોરન્ટ સુધી પ્રસરી ગઈ હતી. આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી દેખાતા આસપાસના લોકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો. શો-રૂમમાં મૂકેલા વાહનો પણ આગની ચપેટમાં આવી જતાં બળીને ખાખ થઈ ગયા હતા.

ફાયરનો મેસેજ મળતાની સાથે જ સુરત ફાયર વિભાગની અલગ-અલગ પાંચ સ્ટેશનોની ૧૦થી વધુ ગાડીઓ કાફલા સાથે ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર ફાઈટરોએ આગ વધુ ન પ્રસરે તે માટે ચારેય તરફથી પાણીનો ભારે મારો ચલાવવાનું શરૂ કર્યું હતું. ભારે જહેમત બાદ ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવ્યો હતો.

ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર એસ. ડી. ધોબીએ જણાવ્યું હતું કે, અમને દુકાનમાં આગ લાગી હોવાનો કોલ મળ્યો હતો. અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચે તે પહેલા આગ આજુબાજુની અન્ય દુકાનોમાં પણ ફેલાઈ ગઈ હતી. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે તાત્કાલિક ૫ ફાયર સ્ટેશનની ૧૦થી વધુ ગાડીઓએ આગ પર કાબૂ મેળવવાના પ્રયાસ હાથ ધર્યા હતા. સદનસીબે આ સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી અને કુલિંગની કામગીરી ચાલી રહી છે. આગ એટલી વિકરાળ હતી કે ૧૫થી વધુ વાહનો પણ આગની ઝપેટમાં આવીને સળગીને ખાખ થઈ ગયા છે. આ સમગ્ર ઘટનામાં હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી, પરંતુ આગની ઘટનાથી મોટાપાયે નુકસાન થયું હોવાની શક્યતાઓ છે.

# ભાવનગર મેડીકલ કોલેજમાં ૧૩ જુનિયરો પર ૬ સીનીયરોએ કર્યુ રેગીંગ: તાલીબાની સજા: કુકડા બનાવ્યાને લાખો પડાવ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

ભાવનગરની સરકારી મેડીકલ કોલેજમાં માર્ચ ૨૦૨૫ માં બનેલી જુનીયર તબીબના અપહરણ અને મારામારીની ઘટનાનો વિવાદ હજુ શમ્યો નથી, ત્યાં જ મેડીકલ જગતને હચમચાવી મુકે તેવો વધુ એક ગંભીર રેગીંગ કાંડ બહાર આવ્યુ છે.



ભાવનગરની સર ટી હોસ્પિટલના ટ્રોમા સેન્ટર બિલ્ડીંગમાં કાર્યરત ઓર્થોપેડીક વિભાગના પ્રથમ વર્ષના ૧૩ જુનીયર રેસીડન્ટ તબીબોને છેલ્લા ૫ મહિનાથી દ્વિતિય વર્ષના ૬ સીનીયર તબીબો દ્વારા અત્યંત ક્રુર અને તાલીબાની સજા આપવામાં આવતી હોવાનો ભાંડો ફુટયો છે. આ ચોંકાવનારી ઘટના અંગે પીડીતો દ્વારા કરવામાં આવેલી ઓનલાઈન ફરીયાદના આધારે મેડીકલ કોલેજની એનટી રેગીંગ સ્કવોડે છેલ્લા ૩ દિવસથી તપાસનો ધમધમાટ ચલાવી રહી છે. સ્કવોડ દ્વારા અત્યાર સુધીમાં ભોગ બનનાર તમામ ૧૩ જુનીયરોના નિવેદનો નોંધીને આરોપી ૬ સીનીયર તબીબોને પુછપરછ માટે બોલાવ્યા હતા. જેના કારણે સમગ્ર કેમ્પસમાં ભારે ઉત્તેજના વ્યાપી ગઈ હતી. નામ ન આપવાની શરતે પીડીત જુનીયર તબીબોએ વર્ણવેલી આપવીતી કોઈપણ સંવેદનશીલ વ્યકિત ધ્રુજી ઉઠે તેવી છે. સીનીયર તબીબો દર મહિને અઢી લાખ રૂપીયા પડાવવાની અને દારૂની બોટલો મંગાવવાની સાથે જુનીયરોને હોસ્પિટલના ટ્રોમા સેન્ટરની બહાર પણ નિકળવા દેતા ન હતા, હદ તો ત્યારે થઈ જયારે જુનીયરોને જમવા કે સુવાનો સમય પણ આપવામાં આવતો ન હતો, તેમજ છેલ્લા ૧૫ દિવસ સુધી ન્હાવા સુધ્ધા દિધા ન હતા, આ સિવાય તેમને કુકડા બનાવવા, આખી રાત એક પગે ઉભા રાખવા અને એકસ-રે વિભાગમાં રેડીયેશનથી બચવા માટેનુ જરૂરી લેડ એપ્રન પણ પહેરવા ન દઈને તેમના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડા કરવામાં આવતા હતા. અગાઉના વિવાદો વચ્ચે આ અમાનવીય કૃત્ય સામે આવતા હવે એન્ટી રેગીંગ કમિટી કયા પ્રકારના કડક પગલા લે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

# દિકરા, હું પાકિટ ભરીને રૂપીયા લાવી, તું પાછો આવી જા: કાળજા કંપાવતો વિલાપ: પીએમ રૂમ બહાર રૂદન જોઈ હોસ્પિટલમાં સન્નાટો વ્યાપી ગયો

### માતાની નજર સામે વ્હાલસોયાનો જીવ ગયો : હું પાકિટ ભરીને રૂપીયા લાવી, તું પાછો આવી જા : બે પરીવારોએ મોભી ગુમાવ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

હાલોલ-વડોદરા હાઈવે પર કોટંબી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ નજીક ટ્રક અને લકઝરી બસ વચ્ચે સર્જાયેલા એક અત્યંત ભયાવહ અકસ્માતમાં ડ્રાઈવર અને કલીનર સહિત કુલ ૮ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. જયારે બસમાં સવાર અન્ય મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે.

આ ગમખ્વાર અકસ્માતે કેટલાય હસતા-રમતા પરીવારોનો માળો વિંખેરી નાંખ્યો છે, હોસ્પિટલના પીએમ રૂમ બહાર સ્વજનોના હૈયાફાટ રૂદનથી પથ્થર હૃદયના માનવીની આંખો પણ ભીની થઈ ગઈ હતી.




રાજસ્થાનના ડુંગરપુરના વતની પાયલબેન પોતાના ૯ વરસના દિકરા પ્રિતને સુરતમાં ભણાવતા હતા, પતિ હિતેશભાઈ કુવૈતમાં નોકરી કરે છે અને માતા સુરતમાં ઘરકામ કરીને દિકરાનુ ભવિષ્ય બનાવતા હતા. પ્રિત બિહાર હોવાથી તેની સારવાર કરાવીને બંને લકઝરી બસમાં સુરત પરત ફરી રહ્યા હતા. ત્યારે જ કાળ આંબી ગયો, માતાની નજર સામે જ માસુમ પ્રિતનુ પ્રાણ પંખેરૂ ઉડી ગયું, ઈજાગ્રસ્ત માતા હોસ્પિટલના બિછાનેથી દિકરા.. દિકરા કહી આક્રંદ કરી રહી છે, પીએમ રૂમ બહાર પ્રિતની માસી રોશનીબેનના આક્રંદે હોસ્પિટલમાં સન્નાટો પાથરી દીધો હતો, તેઓ મૃતદેહ જોઈને ચોંધાર આંસુએ વિલાપ કરતા બોલ્યા, દિકરા હું પાકિટ ભરીને રૂપીયા લાવી તારા માટે, તું પાછો આવી જા.., આ દ્રશ્ય જોઈ ત્યાં હાજર તમામ લોકોની આંખો ભીની થઈ ગઈ હતી. અકસ્માતમાં છેલ્લા ૨૦ વરસથી ડ્રાઈવીંગ કરતા લકઝરી બસના ડ્રાઈવર મુકેશભાઈનુ મોત નિપજયુ હતું. જેઓ પોતાની ૩ દિકરીઓને નોંધારી મુકી ગયા છે. જયારે તેમના મિત્ર અને ટ્રકના કલીનર સુરેશભાઈએ પણ સારવાર દરમિયાન દમ તોડયો હતો, જેમને બે દિકરા છે, આમ બે મિત્રોએ એક સાથે દુનિયા છોડી દીધી અને બે પિતાઓએ પોતાના ૩-૩ માસુમ બાળકોને મુકીને અનંતની વાટ પકડી લીધી છે. તેમના મૃતદેહોના પોસ્ટમોર્ટમ બાદ સાંજે ભાવભીની આંખે તેમને વતન રાજસ્થાન રવાના કરવામાં આવ્યા હતા.

કુવૈત રહેતા પ્રિતના પિતાને જાણ કરાતા તેઓ પણ વતન આવવા રવાના થયા છે, આ પરીવારો પાસે હવે જીવનભરનુ કયારેય ન પુરાય તેવુ દુઃખ અને આંસુ સિવાય કંઈ બચ્યુ નથી.

**પશ્ચિમ રેલવે**
**ભાવનગર મંડળ**

**સિગ્નલિંગ સાધનોની સપ્લાય, સ્થાપના, પરીક્ષણ, અને કમિશનિંગ**

ભારતના રાષ્ટ્રપતિના વતી ડિવિઝનલ રેલવે મેનેજર (સિગ્નલ અને ટેલિકોમ), પશ્ચિમ રેલવે, ભાવનગર નીચે દર્શાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **ટેન્ડર નં.:** DRMSnT-BVP-Sig11of26-27 **કામનું નામ:**ભાવનગર મંડળ: ભીમનાથ ખાતે વધારાની લૂપ લાઇનની જોગવાઈ સાથે સંબંધિત સિગ્નલિંગ સાધનોની સપ્લાય, સ્થાપના, પરીક્ષણ, કમિશનિંગ તથા મેધા નિર્મિત ઇલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ સિસ્ટમમાં જરૂરી ફેરફારોનું કામ. **અંદાજિત કિંમત:** ₹25757797.79/- (રૂપિયા બે કરોડ સત્તાવન લાખ સત્તાવન હજાર સાતસો સત્તાણું અને ઓગણએંસી પૈસા માત્ર) બોલીદાતાઓએ માત્ર ઑનલાઈન અરજી **www.ireps.gov.in** પર ઉપલબ્ધ લિંક મારફતે કરવી રહેશે.વધુ વિગતો માટે કૃપા કરીને **www.ireps.gov.in** વેબસાઈટની મુલાકાત લો.ઑનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ: 09/07/2026 ના રોજ 15:00 વાગ્યા સુધી.

**BVP 062**

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે - રતલામ વિભાગ**

**નંબર: EL-2025-26-45 R1, 4R અને EL-2026-27-07** **તારીખ: 17/06/2026**

**ઈ-ટેન્ડરિંગ સૂચના**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (ઇલેક્ટ્રિકલ / પાવર) રતલામ દ્વારા વેબસાઇટ www.ireps.gov.in પર ઇ-ટેન્ડર દ્વારા "ઓપન ટેન્ડર" મંગાવવામાં આવ્યું હતું, જેની વિગતો નીચે મુજબ છે:- ક્રમાંક: 1. ઇ-ટેન્ડર નંબર: EL-2025-26-45R1. કાર્યનું નામ: રતલામ ડિવિઝન સ્ટેશનનું અપગ્રેડેશન જેમાં ઉજ્જૈન, લક્ષ્મીબાઈ નગર અને નાઈખેરી ખાતે ફરતા વિસ્તાર, પાણી પુરવઠા અને અભિગમ રસ્તાઓનો સમાવેશ થાય છે (સિંહસ્થ 2028). અંદાજિત કિંમત: ₹ 1,03,20,570.13/- EMD : ₹2.06,400/-. પૂર્ણતા સમયગાળો: 12 મહિના. ક્રમાંક: 2. ઇ-ટેન્ડર નંબર: EL-2025-26-4R. કામનું નામ: રતલામ ડિવિઝન - IND અને DADN આધારિત પ્રાથમિક રેક્સ ખાતે LHB AC પેન્ટ્રી કારમાં પેન્ટ્રી સાધનોનું રિપ્લેસમેન્ટ અને રિપેરિંગ કામ બે વર્ષના સમયગાળા માટે. અંદાજિત કિંમત: ₹98,79,257.26/- EMD : ₹ 1,97,600/-. પૂર્ણતા સમયગાળો: 24 મહિના. ક્રમાંક: 3. ઇ-ટેન્ડર નંબર: EL-2026-27-07. કામનું નામ: રતલામ ડિવિઝન - પચવાન (PF01), પરબતી (PF01) અને PNWN અને PRB ખાતે 02 રેમ્પ લેન્ડિંગ સાથે 04 મીટર પહોળા ફૂટ ઓવર બ્રિજ પર પ્લેટફોર્મ ઉભા કરવાના સંદર્ભમાં ઇલેક્ટ્રિકલ કામ. અંદાજિત કિંમત: ₹ 15,02,807.31/- EMD : ₹ 30,100/-. પૂર્ણતા સમયગાળો: 12 મહિના. ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે: વેબસાઇટ પર અપલોડ કરવાની તારીખ: 16.06.2026. ટેન્ડર ખોલવાની તારીખ: 14.07.2026. વિગતવાર ટેન્ડર સૂચના, પાત્રતા માપદંડો અને નિયમો અને શરતો વેબસાઇટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. ટેન્ડર ફોર્મની કિંમત શૂન્ય છે.

**AK/16**

અમને લાઇક કરો: facebook.com/WesternRly •અમને ફોલો કરો: X.com/WesternRly

### એક્સપાયરી ડેટવાળો માલ ગ્રાહકને પધરાવનારા

# મોડાસાના પતંજલિ સ્ટોરને રૂપિયા ૫૦ હજારનો દંડ ફટકારતો ગ્રાહક કમિશનનો ચુકાદો

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

મોડાસા સ્થિત પતંજલિ સ્ટોર દ્વારા એક જાગૃત ગ્રાહકને બિલ આપ્યા વિના એક્સપાયરી ડેટ વીતી ગઈ હોવા છતાં ખાદ્ય સામગ્રી પધરાવી દેવાના મામલે કોર્ટે પતંજલિ સ્ટોર્સ અને કંપની સામે કડક વલણ અપનાવી રૂપિયા ૫૦,૦૦૦ નો દંડ ફટકાર્યો છે. આ અંગે મળતી માહિતી મુજબ વડાગામના રહીશ અને જાગૃત ગ્રાહક રાહુલભાઈ પ્રજાપતિએ તા.૨૩/૦૪/૨૦૨૪ ના રોજ મોડાસા ખાતે આવેલા "સર્વોદય ચિકિત્સાલય પતંજલિ સ્ટોર્સ" પરથી પતંજલિ કંપનીનું "હિમાલય ચેરી પેપર પીકલ (અથાણું)" જરૂરી રકમ ચૂકવીને ખરીદ્યું હતું. ખરીદી કર્યા બાદ રાહુલભાઈએ નિયમ મુજબ દુકાનદાર પાસે પાકુ બિલ માંગ્યું હતું. પરંતુ સ્ટોર દ્વારા બિલ આપવાનો સાફ ઈનકાર કરી દેવાયો હતો. ગ્રાહકે જ્યારે અથાણાની બોટલ પરની વિગતો ચકાસી તો ચોંકાવનારી બાબત સામે આવી કે તે પ્રોડક્ટની એક્સપાયરી ડેટ તા.૨૪/૦૧/૨૦૨૪ ના રોજ એટલે કે ખરીદીના ત્રણ મહિના પહેલાં જ વીતી ગઈ હતી. ગ્રાહકે આ અંગે સ્ટોર સંચાલકને બિલ આપવા અને એક્સપાયરી ડેટ અંગે નમ્ર રજૂઆત કરી વિનંતી કરી હોવા છતાં સ્ટોર દ્વારા તેમની વાતને બિલકુલ ધ્યાને લેવામાં આવી નહોતી. સ્ટોરના માલિકના આ વલણથી નારાજ થઈને ગ્રાહક રાહુલભાઈએ આ અંગે અરવલ્લી જિલ્લા ગ્રાહક સુરક્ષા પરિષદની ઓફિસે લેખિતમાં ફરિયાદ નોંધાવી હતી. સંસ્થાના પ્રતિનિધિ સિરાજ મનસુરીએ આ મામલે પતંજલિ સ્ટોરને સત્તાવાર નોટિસ પાઠવી હતી. પરંતુ પતંજલિ તરફથી કોઈ સંતોષકારક જવાબ આપવામાં આવ્યો ન હતો. ગ્રાહક હિતમાં પતંજલિ સ્ટોર્સ (મોડાસા) તેમજ ઉત્પાદક પતંજલિ કંપની વિરુદ્ધ અરવલ્લી જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં કેસ દાખલ કર્યો હતો. જ્યાં અરવલ્લી જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનના પ્રમુખ એમ. એચ. પટેલ અને મેમ્બર એસ.પી. શ્રીમાળીની જ્યુરી સમક્ષ કેસ ચાલતા મોડાસાના પતંજલિ સ્ટોર વિરુધ્ધ કડક ચુકાદો આપવામાં આવ્યો છે. જેમાં કમિશને અનૈતિક વેપાર પધ્ધતિ બદલ પતંજલિને રૂપિયા ૫૦ હજારનો દંડ ફટકારી તે રકમ ગાંધીનગરના "ગ્રાહક કલ્યાણ નિધિ" ફંડમાં જમા કરાવવા આદેશ કર્યો છે. તેમજ ફરિયાદી ગ્રાહક રાહુલભાઈ પ્રજાપતિને વસ્તુની પૂરેપૂરી કિંમત કેસ દાખલ કર્યાની તારીખથી ૭ % વ્યાજ સાથે પરત આપવા અને માનસિક યાતના તથા કાનૂની લડતના ખર્ચ પેટે રૂપિયા ૪૦૦૦ અલગથી ચૂકવવાનો હુકમ કરી ગેરરીતિ આચારતા વેપારીઓને લાલબત્તી સમાન કડક સંદેશ આપ્યો છે. આ ઐતિહાસિક નિર્ણયથી જાગૃત ગ્રાહકોમાં ખુશીનો માહોલ છે, જ્યારે ગેરકાયદેસર રીતે એક્સપાયરી માલ વેચતા કે બિલ ન આપતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# મોદીની અપીલ છતાં ભાજપ કોર્પોરેટર જૈનિક વકીલ ન્યૂઝીલેન્ડ ના પ્રવાસે ઉપડ્યા

## મેયર કે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પદ ન મળતા જૈનિક વકીલ પક્ષથી રૂઠ્યા, ભાજપમાં ગણગણાટ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે દેશની અર્થવ્યવસ્થાને મજબૂત કરવા માટે પેટ્રોલ-ડીઝલ બચાવવાની અને વિદેશ પ્રવાસો ટાળવાની 'સ્વદેશી' અપીલ કરે, ત્યારે સામાન્ય જનતાથી માંડીને મંત્રીઓ પણ અમલ કરે છે. મુખ્યમંત્રીથી માંડીને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ વીઆઈપી કાફલા ટૂંકાવીને કે વિદેશ પ્રવાસ મોકૂફ રાખીને આ અપીલનું અક્ષરશઃ પાલન કરી રહ્યા છે. પરંતુ અમદાવાદના પાલડી વોર્ડના ભાજપના કોર્પોરેટર, કર્ણાવતી ક્લબના ડિરેક્ટર અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જૈનિક વકીલ માટે કદાચ પક્ષની શિસ્ત કરતાં ન્યૂઝીલેન્ડનો પ્રવાસ વધુ મહત્વ નો છે. સરકારે જ્યારે વિદેશ જવાને બદલે ઓનલાઈન વેબિનારથી કામ ચલાવવાની સ્પષ્ટ ભલામણ કરી છે, ત્યારે જૈનિક વકીલ ન્યૂઝીલેન્ડનો પ્રવાસ ખેડી આવ્યા છે.

પ્રજાના પ્રશ્નો ઉકેલવાને બદલે કોર્પોરેટરને વિદેશ પ્રવાસમાં વધુ રસ જાગ્યો છે, જેને પગલે હવે ભાજપના આંતરિક વર્તુળોમાં ગણગણાટ શરૂ થયા છે. રાજકીય ગલીયારાઓમાં ચર્ચાતી વિગતો મુજબ, કોર્પોરેટરની આ 'વિદેશી ઉડાન' પાછળ તેમની ભારોભાર નારાજગી છુપાયેલી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન માં મેયર કે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જેવું મોટું પદ ન મળતા તેઓ પક્ષથી રૂઠ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ નારાજગીના કારણે જ તેમણે પક્ષની ગાઈડલાઈનને ઘોળીને પી જવાનું સાહસ કર્યું છે.

પક્ષમાં એવા પણ સવાલો ઉઠી રહ્યા છે કે, સામાન્ય કાર્યકરોને શિસ્તના પાઠ ભણાવતા ભાજપમાં એક કોર્પોરેટર વડાપ્રધાનની અપીલને સરેઆમ ફગાવી દે, તેની પાછળ રાજકીય પીઠબળ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

### સુરત વેડ રોડ સ્થિત 'નાસિરનગર' ડિમોલિશન કાંડના

# જવાબદાર સુરત મ.ન.પાના અધિકારીઓ સુજલ પ્રજાપતિ કાર્યપાલક ઈજનેર, જયાંગ જીવન રામજીવાલા કાર્યપાલક ઈજનેર, અર્પણ પરમાર ડે.ઈજનેર ને તાત્કાલિક ફરજમાંથી ફરજમુકત કરવા સુરત મ.ન.પા ના કર્મચારી મહામંડળની માંગ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત શહેરના વેડ રોડ વિસ્તારમાં આવેલ ૬૦ વર્ષો જૂની 'નાસિરનગર' ઝૂંપડપટ્ટીને કોઈપણ પ્રકારની પૂર્વ સૂચના, કાયદેસરની નોટિસ વગર એકાએક પોલીસનો દૂર ઉપયોગ કરી તોડી પાડી ૧૨૫ પરિવારોને બેઘર કરી દેવાની ઘટનાએ સુરત શહેરની પ્રતિષ્ઠાને દેશ-વિદેશમાં ગંભીર આઘાત પહોંચાડ્યો છે.

આ અમાનવીય અને ગેરબંધારણીય કૃત્ય બદલ સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ સુજલ પ્રજાપતિ કાર્યપાલક ઈજનેર, જયાંગ જીવન રામજીવાલા કાર્યપાલક ઈજનેર, અર્પણ પરમાર ડે.ઈજનેર ને તાત્કાલિક ફરજ મુકત કરવા સુરત મ.ન.પા ના કર્મચારી મહામંડળએ માંગણી કરી છે.

આ અધિકારીઓએ અગાઉ સુરત મ.ન.પામાં કાર્યરત યુનિયનોની ઓફિસોને ગત નવેમ્બર ૨૦૨૫માં અડધી રાત્રે તાળાં તોડી યુનિયનોની ઓફિસોના સામાન બહાર ફેંકી દઈ ગંભીર ફરજ ચૂક કરી છે. અને તેઓએ આ કૃત્ય સુરત મ.ન.પા ના ડેપ્યુટી કમિશનર (ડેપ્યુટેશન) શ્રીમતી નિધિ સિવાચની સત્તા અને સપોર્ટથી કરેલ છે. અને આમ કરી આ અધિકારીઓએ ગંભીર ફરજચૂક કરેલ છે અને તેના કારણે આજે અનેક લોકો ખુલ્લી છત હેઠળ છે. અને તેઓ અનેક યાતનાઓ ભોગવી રહ્યા છે.

અધિકારીઓની આ ગેરશિસ્ત કોઈપણ સંજોગોમાં ચલાવી શકાય તેમ નથી. કદાચ નવેમ્બર માસમાં આ બાબતે મ્યુ.કમિશ્નર ધ્વારા યોગ્ય પગલાં લેવામાં આવ્યા હોત તો, આજે આ ઘટના બની ના હોત.

સુરત મહાનગરપાલિકા કર્મચારી મહામંડળના પ્રમુખ ભાઈલાલ બી. વૈષ્ણવ, ઉપપ્રમુખ કિરીટસિંહ વાઘેલા અને મહામંત્રી મોહમદ ઈકબાલ શેખ અને મંત્રી હરીશ રાઠોડ, જયંતિભાઈ વાઘેલા, શશિકાંતભાઈ સોલંકી, વિજયભાઈ શેણમારે,દેવેન્દ્ર પ્રજાપતિ વિગેરેએ સુરત મ.ન.પામાં કાયદાનું શાસન નથી અને મ.ન.પા ના અધિકારીઓ મનફાવે તેમ વર્તી રહ્યા છે જેને સખત શબ્દોમાં વખોડી કાઢવામાં આવે છે. આ અધિકારીઓની ભૂલ માફીને પાત્ર નથી. તેઓએ સુરત મ.ન.પા ની આબરૂના ધજાગરા કર્યા છે અને દેશ,વિદેશમાં મ.ન.પા ની આબરૂ ધૂળધાણી કરી છે. જેથી તેઓને સુરત મ.ન.પા ની ફરજમાંથી તાત્કાલિક ધોરણે ફરજમાંથી ફરજમુકત કરવા માટેની માંગણી કરી છે.

# સરકારી સ્કૂલોમાં 'ચોપડા વગરનું ભણતર' થવા જઈ રહ્યું છે": ધાર્મિક માથુકિયા AAP

અમદાવાદ/ગુજરાત

આમ આદમી પાર્ટીના વિદ્યાર્થી પાંખ ASAPના પ્રદેશ પ્રમુખ ધાર્મિક માથુકિયાએ એક વીડિયોના માધ્યમથી અત્યંત ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આપણે ઘણી જગ્યાએ હોર્ડિંગ્સમાં અને જાહેરાતોમાં જોયું કે "ભાર વગરનું ભણતર" આપવાની વાત થઈ રહી છે અને આજે ગુજરાત સરકારે સાચે જ સાબિત કરી આપ્યું કે ગુજરાતની સરકારી સ્કૂલમાં "ચોપડા વગરનું ભણતર" થવા જઈ રહ્યું છે. સરકારી શાળાનું વેકેશન પૂરું થયું અને તેને દસ દિવસથી પણ વધારે સમય થઈ ગયો છે છતાં પણ આજ દિન સુધી ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને તેમના પુસ્તકો મળ્યા નથી. અમને એ પણ શંકા છે કે હજુ સુધી પુસ્તકો છાપવાની શરૂઆત પણ નથી થઈ. જ્યારે બીજી બાજુ એ જ પુસ્તકો જો બજારમાં ખરીદવા જઈએ તો તાત્કાલિક મળી જાય છે. આનાથી સાબિત થાય છે કે સરકારની પુસ્તકો આપવાની નીતિ જ નથી, સરકાર પાસે કોઈ વ્યવસ્થા જ નથી અને સરકાર પાસે કોઈ આયોજન પણ નથી.

વધુમાં આમ આદમી પાર્ટીના યુવા નેતા ધાર્મિક માથુકિયાએ જણાવ્યું હતું કે, શિક્ષણના નામે તાઈફાઓ કરવા હોય, મોટા મોટા કાર્યક્રમો કરવા હોય તો સરકાર પાસે તાત્કાલિક એની ટીમ આવી જાય છે, તાત્કાલિક વ્યવસ્થા થઈ જાય છે અને તાત્કાલિક આયોજનો થઈ જાય છે. પરંતુ બીજી બાજુ આટલું લાંબુ વેકેશન ગયું પરંતુ એ વેકેશન દરમિયાન આ લોકો વિદ્યાર્થીઓ સુધી ચોપડા કઈ રીતે પહોંચાડવા, તેની વ્યવસ્થા ન કરી શક્યા, ચોપડા ક્યારે છાપવા અને કઈ રીતે વિતરણ કરવું તેની વિચારણા ન કરી શક્યા, જેના કારણે આજે વેકેશન પૂરું થવાની દસ દિવસ થયા છતાં પણ વિદ્યાર્થીઓ પાસે ચોપડા પહોંચ્યા નથી. ગુજરાતની સરકારી સ્કૂલમાં ભણતા કરી બાળકોના ભવિષ્ય સાથે ચેડા થઈ રહ્યા છે. મારી ગુજરાત સરકારના શિક્ષણ મંત્રી સહિત તમામ લાગતા વળગતા તંત્રના અધિકારીઓને વિનંતી છે કે બાળકોનું ભવિષ્ય બગાડો નહીં, તમારા લોકોના કારણે બાળકોનું ભવિષ્ય જોખમાય છે તો તાત્કાલિક ધોરણે ચોપડા પૂરા પાડો, પુસ્તકો પૂરા પાડો અને જે ચોપડા બજારમાં મળે છે એ જ ચોપડા તાત્કાલિક ધોરણે વિદ્યાર્થીઓને પહોંચાડીને સહાય કરો.

# અમદાવાદ રથયાત્રામાં ગજરાજ બેકાબુ ન થાય તે માટે ટેકનોલોજીની નજર રખાશેઃ અંબાડી પર આધુનિક સાધનો લગાડવામાં આવશેઃ જીપીએસ અને કેમેરા ફીડ સીધી કંટ્રોલરૂમમાં મળશે

પ્રતિનિધિ,ગાંધીનગર




અમદાવાદમાં ગત વર્ષની રથયાત્રામાં ડી જે ના ભારે અવાજથી ગજરાજ બેકાબુ બન્યા હતા. ખાડીયા ચાર રસ્તા નજીક આ ઘટના બની હતી, પોલીસ અને મહાવતોએ ગજરાજોને કાબુમાં કર્યા હતા. આ ઘટનાને લઈને ચાલુ વર્ષની આગામી રથયાત્રામાં નવી ટેકનોલોજીનો સહારો લેવામાં આવ્યો છે. હવે રથયાત્રામાં ગજરાજો પર ટેકનોલોજીથી નજર રાખવામાં આવશે. જેના કારણે ભક્તોની ભીડ માં કોઈપણ પ્રકારની અરાજકતા ફેલાય નહી અને શાંતિપૂર્ણ રીતે ભગવાનના રથ નિજ મંદિર સુધી પહોચી શકે. અમદાવાદમાં ભગવાન જગન્નાથની આ વખતે ૧૪૯ મી રથયાત્રા નિકળશે, પોલીસ તંત્ર દ્વારા રથયાત્રામાં સુરક્ષા વ્યવસ્થાને લઈને મોટો નિર્ણય લેવામાં આવ્યો છે.

ભગવાનની નગરચર્યા દરમિયાન ઘણીવાર અચાનક અવાજ કે ભીડના કારણે ગજરાજ બેકાબુ બનવાની ઘટનાઓ બહાર આવે છે. જેની સામે ચાલુ વરસે આવી ઘટનાઓ પર તાત્કાલીક કાબુ મેળવવા અને ગજરાજોની મુવમેન્ટ પર પળેપળની મુવમેન્ટ રાખવા માટે હાઈટેક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. ૧૮ ગજરાજો પર હાઈટેક ટ્રેકીંગ સિસ્ટમ લગાડવામાં આવશે. અંબાડી પર આધુનિક સાધનો લગાડવામાં આવશે. ગજરાજ કયા રૂટ પર છે તેનુ લાઈવ લોકેશન ટ્રેક થશે, તેની આસપાસની ગતિવિધિઓ અને ભીડ પર ૩૬૦ ડીગ્રી કેમેરાથી નજર રાખી શકાશે. આ ઉપરાંત રથયાત્રા દરમિયાન લાઉડ સ્પીકર કે ફટાકડાના અવાજ માપવા માટે એક મશીન લગાડવામાં આવશે જે, તાત્કાલીક એલર્ટ આપશે, જેથી ગજરાજ ચમકે તે પહેલા જ તેમને નિયંત્રિત કરી શકાશે, આ સમગ્ર ટેકનોલોજીનુ કંટ્રોલ રૂમ પરથી મોનીટરીંગ કરવામાં આવશે, જેની લાઈવ ફીડ પણ અમદાવાદ પોલીસના કંટ્રોલ રૂમને મળશે. જો કોઈ ગજરાજની મુવમેન્ટ પર શંકા જશે તો તાત્કાલીક ત્યાં તૈનાત સુરક્ષા કર્મીઓને જાણ કરાશે,

# ગાંધીનગર સીવીલ હોસ્પિટલના ઓટીમાંથી ૧૦ લાખનુ ઓર્થોસ્કોપી મશીન ગુમ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




ગાંધીનગર સીવીલ હોસ્પિટલના ઓપરેશન થીયેટરમાંથી રૂપીયા ૧૦ લાખનુ ઓર્થોસ્કોપી મશીન ગાયબ થઈ જવાની ઘટનાથી હોસ્પિટલ તંત્રમાં દોડધામ મચી જવા પામી છે. જો કે આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પોલીસ ફરીયાદ નોંધાઈ નથી તેનુ કારણ શું ? પરંતુ હાલના તબકકે હોસ્પિટલ તંત્ર દ્વારા આંતરીક રીતે તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. ગાંધીનગરની સીવીલ હોસ્પિટલના ઓર્થોપેડીક (અસ્થિ રોગ) વિભાગના ઓપરેશન થીયેટર (ઓટી) માં થી અંદાજીત રૂપીયા ૧૦ લાખ થી વધુની કિંમતનુ અત્યાધુનિક ઓર્થોસ્કોપી મશીન રહસ્યમય સંજોગોમાં ગાયબ થઈ જતા ભારે ચકચાર મચી જવા પામી છે. લાખો રૂપીયાનુ સરકારી મશીન ગુમ થવાની આ ઘટનાને પગલે હોસ્પિટલ તંત્ર તાત્કાલીક હરકતમાં આવ્યુ છે અને સીવીલ સત્તાધીશો દ્વારા આ મામલે આંતરીક તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

સુત્રો દ્વારા મળેલી માહિતી મુજબ સીવીલ હોસ્પિટલના જે ઓપરેશન થીયેટરમાં માત્ર અધિકૃત તબીબો અને સ્ટાફને જ પ્રવેશ મળતો હોય છે, ત્યાંથી આટલુ મોટુ અને કિંમતી મશીન ગાયબ થઈ જતા હોસ્પિટલની સુરક્ષા વ્યવસ્થા સામે મોટા સવાલો ઉભા થયા છે. પ્રાથમિક વિગતો મુજબ દર્દીઓના હાથ અને પગના સાંધાની તપાસ તેમજ જટીલ સર્જરી માટે આ મશીનનો ઉપયોગ કરવામાં આવતો હતો. મશીન કયાં ગાયબ થયુ અને તેની પાછળ કોની બેદરકારી છે તે દિશામાં સીવીલ પ્રશાસને તપાસ તેજ કરી છે. સીસીટીવી ફુટેજ અને ઓપરેશન થીયેટરમાં ફરજ બજાવતા સ્ટાફની પુછપરછ શરૂ કરવામાં આવી છે. હોસ્પિટલના સત્તાધીશોના કહેવા પ્રમાણે મશીનની શોધખોળ ચાલુ છે અને જો કોઈ સંતોષકારક કડી નહી મળે તો આ મામલે ટુંક સમયમાં પોલીસ ફરીયાદ પણ નોંધાવવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ મશીન ગાયબ થવાને કારણે હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા અસ્થિરોગના દર્દીઓની મુશ્કેલીઓ વધી ગઈ છે. સાંધાની ગંભીર બિમારી ધરાવતા કેટલાક દર્દીઓના ઓપરેશન આ મશીનની ગેરહાજરીના કારણે પાછા ઠેલવાની ફરજ પડી છે. સીવીલ માં અત્યંત નજીવા દરે કે મફતમાં થતી આ સર્જરી અટકી પડતા ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓને હવે ખાનગી હોસ્પિટલોના મોંઘા ખર્ચ તરફ વળવુ પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

# બેંક ઓફ બરોડાએ 'બોબ ગોલ્ડન ગોલ ડિપોઝિટ સ્કીમ' રજૂ કરી, જે ૫૫૫ દિવસની મુદત માટે વાર્ષિક ૭.૪૦% સુધીના વ્યાજ દર ઓફર કરે છે

### બોબ ગોલ્ડન ગોલ ડિપોઝિટ સ્કીમ સામાન્ય નાગરિકો માટે ૬.૭૫% વાર્ષિક વ્યાજ દર; નિવાસી વરિષ્ઠ નાગરિકો માટે ૭.૨૫% વાર્ષિક વ્યાજ દર; નિવાસી સુપર વરિષ્ઠ નાગરિકો માટે ૭.૩૫% વાર્ષિક વ્યાજ દર અને નોન-કોલેબલ ડિપોઝિટ પર ૭.૪૦% વાર્ષિક વ્યાજ દર ઓફર કરે છે

ભારતની અગ્રણી જાહેર ક્ષેત્રની બેંકોમાંની એક, બેંક ઓફ બરોડા (બેંક) એ એક નવી રિટેલ ટર્મ ડિપોઝિટ યોજના - 'બોબ ગોલ્ડન ગોલ ડિપોઝિટ સ્કીમ' શરૂ કરવાની જાહેરાત કરી છે.

૫૫૫ દિવસની એક ખાસ મુદતની ડિપોઝિટ યોજના જે સામાન્ય લોકો માટે આકર્ષક ૬.૭૫% વાર્ષિક વ્યાજ દર, નિવાસી વરિષ્ઠ નાગરિકો માટે ૭.૨૫% વાર્ષિક વ્યાજ દર, નિવાસી સુવર વરિષ્ઠ નાગરિકો માટે ૭.૩૫% વાર્ષિક વ્યાજ દર (૮૦ વર્ષ અને તેથી વધુ ઉંમરના) અને નોન-કોલેબલ ડિપોઝિટ પર ૭.૪૦% વાર્ષિક વ્યાજ દર ઓફર કરે છે.

આ યોજના ૩ કરોડ રૂપિયાથી ઓછી રકમની રિટેલ ટર્મ ડિપોઝિટ પર લાગુ પડે છે.

આ લોન્ચ પ્રસંગે બોલતા, બેંક ઓફ બરોડાના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રીમતી બીના વાહીદે જણાવ્યું હતું કે, "આજના બદલાતા વ્યાજ દરના વાતાવરણમાં, 'બોબ ગોલ્ડન ગોલ ડિપોઝિટ સ્કીમ' થાપણદારોને ઊંચા દરે રોકાણ કરવાની આકર્ષક તક આપે છે. આ યોજના ગ્રાહકોને તેમના નાણાકીય લક્ષ્યો પ્રાપ્ત કરવામાં મદદ કરતી નવીન અને મૂલ્ય-આધારિત ઉત્પાદનો પ્રદાન કરવાની અમારી સતત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે." ગ્રાહકો બેંકની મોબાઈલ બેંકિંગ એપ્લિકેશન (બોબ વર્લ્ડ), નેટ બેંકિંગ (બોબ વર્લ્ડ ઈન્ટરનેટ) દ્વારા અથવા ભારતભરમાં કોઈપણ બેંક ઓફ બરોડા શાખાની મુલાકાત લઈને સરળતાથી નવી ફિક્સ્ડ ડિપોઝિટ ખોલી શકે છે.

વધુમાં, બેંકમાં નવા ગ્રાહકો બચત ખાતું ખોલવાની જરૂર વગર બેંક ઓફ બરોડા વેબસાઈટ દ્વારા ઓનલાઈન ફિક્સ્ડ ડિપોઝિટ ખોલી શકે છે.

# હેકિંગના ખતરાથી આરટીઓ સેવાઓ પર અસરઃ કચ્છ સહિત રાજયભરમાં લાયસન્સ કામગીરી મંદગતિએઃ અરજદારો મુશ્કેલીમાં

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાત સહિત દેશભરની માર્ગ પરીવહન કચેરીઓમાં છેલ્લા કેટલાક દિવસોથી ટેકનીકલ અવરોધોને કારણે નાગરીકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને ડ્રાઈવીંગ લાયસન્સ, લર્નીંગ લાયસન્સ, રીન્યુઅલ અને અન્ય ઓનલાઈન સેવાઓ માટે આવતા અરજદારોની કામગીરી અત્યંત ધીમી ગતિએ ચાલી રહી હોવાથી અનેક સ્થળોએ લાંબી કતારો જોવા મળી રહી છે. મળતી માહિતી મુજબ દેશભરમાં આરટીઓની વિવિધ સેવાઓ માટે ઉપયોગમાં લેવાતા એનઆઈસી સંચાલિત સારથી પોર્ટલ સામે વિદેશી સાયબર હુમલાનો પ્રયાસ થયો હોવાની ચર્ચાઓએ ઘટનાની ગંભીરતા વધારી દીધી છે. રાષ્ટ્રીય સ્તરે પ્રકાશિત અહેવાલોમાં જણાવાયુ છે કે સંદિગ્ધ પાકિસ્તાની અને ચીની હેકર્સ દ્વારા પોર્ટલમાં ઘુષણખોરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સુરક્ષા એજન્સીઓ અને ટેકનીકલ નિષ્ણાંતોએ સમયસર પગલા લેતા કોઈપણ પ્રકારની ડેટા ચોરી કે નુકશાન થતુ અટકાવવામાં સફળતા મેળવી હોવાનુ કહેવાય છે.

સાયબર સુરક્ષાને ધ્યાનમાં રાખીને સંબંધિત તંત્ર દ્વારા પોર્ટલની કામગીરી પર વધારાની દેખરેખ રાખવામાં આવી હતી. તેના પરીણામે સિસ્ટમના કેટલાક ભાગો પર તાત્કાલીક અસર જોવા મળી હતી. જો કે અધિકારીઓએ સ્પષ્ટ કહ્યુ હતુ કે ડ્રાઈવીંગ લાયસન્સ સહિતનો મહત્વનો ડેટા સંપૂર્ણપણે સુરક્ષિત છે અને કોઈપણ માહિતી સાથે ચેડા થયાના પુરાવા મળ્યા નથી. કચ્છમાં ભુજ સહિતની આરટીઓ કચેરીમાં અરજદારોની સંખ્યા છેલ્લા દિવસોમાં નોધપાત્ર રીતે વધી છે. ગુજરાત રાજય માર્ગ પરીવહન નિગમની ભરતી પ્રક્રિયા દરમિયાન મોટી સંખ્યામાં અરજદારો લાયસન્સ સંબંધિત કામો માટે આરટીઓ કચેરીઓનો સંપર્ક કરી રહ્યા છે.

આવી સ્થિતિમાં સર્વરની ધીમી ગતિએ કામગીરી થવાને કારણે અરજદારોને કલાકો સુધી રાહ જોવી પડી રહી છે. આરટીઓના સુત્રોના કહેવા પ્રમાણે સેવાઓ સંપૂર્ણપણે બંધ કરવામાં આવી નથી, પરંતુ સર્વર વારંવાર ધીમુ પડતુ હોવાથી અરજીઓની પ્રક્રિયા અને દસ્તાવેજોની ચકાસણીમાં વધુ સમય લાગી રહ્યો છે. પરીણામે રોજીંદી કામગીરીનો વેગ ઘટી ગયો છે અને કચેરીઓમાં લોકોની ભીડ વધી રહી છે. ટેકનીકલ નિષ્ણાંતોનુ માનવુ છે કે સાયબર હુમલાના પ્રયાસો બાદ સુરક્ષા સ્તર મજબુત કરવા માટે કરવામાં આવતા પગલાઓના કારણે પણ કેટલીક વાર સિસ્ટમની કામગીરી પ્રભાવિત થતી હોય છે. જો કે તંત્ર દ્વારા સ્થિતિને ઝડપથી સામાન્ય બનાવવા પ્રયાસો હાથ ધરાયા છે. આગામી દિવસોમાં સર્વરની ક્ષમતા વધારીને અને ટેકનીકલ ખામીઓ દુર કરીને સેવાઓને ફરી સંપૂર્ણ ગતિ આપવા માટે કામગીરી ચાલી રહી હોવાનુ જાણવા મળે છે.

# સરકાર ટુંક સમયમાં વીજ પોલ મુદ્દે ખેડુતોના હિતમાં નવી નીતી લાવશેઃ કૃષિ મંત્રી જીતુ વાઘાણી

પ્રતિનિધિ,ગાંધીનગર



ગોંડલ ખાતે અક્ષર મંદિરના હોલમાં યોજાયેલા ખેડુત સંમેલનમાં કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ ખેડુતોના હિતમાં એક મહત્વનુ નિવેદન આપ્યુ હતું. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યુ હતુ કે ભાજપ સરકારે કયારેય જગતના તાતનુ અહિત વિચાર્યુ નથી. ખેતરોમાં વીજ પોલ નાંખવા અંગે ચાલી રહેલા વિવાદ મુદ્દે સરકારે ખેડુતોને મોટી ખાત્રી આપતા જણાવ્યુ છે કે ટુંક સમયમાં જ તેમના હિતમાં એક કલ્યાણકારી નીતીની જાહેરાત કરવામાં આવશે. સંમેલનને સંબોધતા કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ ખેડુતોને આશ્વાસન આપતા કહ્યુ હતુ કે જયાં સુધી વીજ પોલ અંગે નવી સત્તાવાર જાહેરાત ન થાય ત્યાં સુધી કોઈ પણ ખેડુતોને ખેતીકામમાં મુશ્કેલી ન પડે તેવી કડક સુચના વહિવટી તંત્રને આપી દેવામાં આવી છે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે જેમનુ મન ચોખ્ખુ હોય તેને જ ઈશ્વર સફળતા આપે છે, અમારી સરકાર ખેડુતોના પડખે ઉભી છે અને ભુતકાળમાં પણ જે કોઈ પ્રશ્નો આવ્યા છે, તેનુ યોગ્ય નિવારણ સરકારે જ કર્યુ છે. ખેડુતોની ચિંતાનો ઉલ્લેખ કરતા મંત્રીએ જણાવ્યુ હતુ કે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને રાજયના ઉર્જા મંત્રી પોતે આ બાબતે સતત ચિંતિત છે અને મોનીટરીંગ કરી રહ્યા છે. સરકાર એવી નીતી ઘડી રહી છે જેનાથી રાજયના એકપણ ખેડુતને આર્થિક કે વ્યવહારીક નુકશાન ન ભોગવવુ પડે, આ નીતી આખરી તબકકામાં છે અને ટુંક સમયમાં જ તેની સત્તાવાર જાહેરાત મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવશે.

ભાજપની સરકાર ખેડુતો દ્વારા અને ખેડુતોના વિકાસ માટે કામ કરતી સરકાર હોવાનુ તેમણે જણાવ્યુ હતું. સંમેલનમાં પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, જયેશ રાદડીયા , ગીતાબા જાડેજા, જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, ઉપપ્રમુખ પ્રફુલભાઈ ટોળીયા સહિત ઉપસ્થિત રહ્યા હતા.